**સુવિચાર**

કોઈપણ પરિસ્થિતિમાં ગમે ત્યાં હો
પરંતુ મનમાં કમજોરી આવવા ન દો,
જયાં રહો ત્યાં મસ્ત રહો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




આકાશવાણી ચોક પાસે શ્વાને ફાડી ખાધેલ મૃતક નવજાત શિશુ મળી આવ્યું P-4

Year-16, Issue-175 ■ DATE : 07-11-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વંદે માતરમ ફકત ગાન નહીં પરંતુ ભારત માતાના આત્માની અભિવ્યકિતઃ મોદી

## દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડીયમમાં વડાપ્રધાન મોદીએ સમુહમાં વંદે માતરમનું ગાન કર્યુઃ ખાસ ટપાલ ટીકીટ તથા સિકકાનું વિમોચનઃ દેશના પાટનગરોથી લઇ શાળાઓ અને સરકારી કચેરીઓમાં વંદે માતરમનું સામુહિક ગાન





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં રાષ્ટ્રગીત જેવું જ સ્થાન ધરાવતા વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂરા થવા પર આજે પાટનગર દિલ્હી સહિત દેશભરમાં સામુહિક રીતે વંદે માતરમના ગાન સાથે ઉજવણીનો પ્રારંભ થયો છે અને સરકારી કચેરીઓથી લઇ શાળાઓમાં સવારે ખાસ વંદે માતરમનું ગાન થયું હતું.

પાટનગરમાં દિલ્હીમાં વડાપ્રધાન મોદીએ પુરા વર્ષ ચાલનારા સ્મરણોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો અને દિલ્હીના ઇન્દિરા ગાંધી સ્ટેડીયમમાં આ અંગે ખાસ કાર્યક્રમ આયોજીત કરાયો છે.

જેમાં મોદીએ હજારો વિદ્યાર્થીઓની હાજરીમાં વંદે માતરમનું સમુહ ગાયન કર્યુ હતું. વડાપ્રધાને આ અવસરે એક ખાસ ટપાલ ટીકીટ અને સિકકો પર જારી કર્યો છે. આજથી ૭ નવેમ્બર ૨૦૨૬ સુધી દેશભરમાં અલગ અલગ સ્વરૂપે વંદે માતરમ સ્મરણોત્સવ મનાવાશે.

૧૮૭૫માં બંકીમચંદ્ર ચેટર્જીએ અક્ષય નવમીના દિવસે વંદે માતરમની રચના કરી હતી અને તેને સાહિત્ય પત્રિકા બંગદર્શનમાં પ્રકાશિત કરાયું હતું અને તે સાથે જ વંદે માતરમની સફર શરૂ થઇ તેને આજે ૧૫૦ વર્ષ પૂરા થતા જ સમગ્ર દેશમાં આ અંગેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એક ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, વંદે માતરમ ફકત ગીત નહીં પણ ભારત માતાના આત્માની અભિવ્યકિત છે અને આજે આપણે સૌ સામુહિક રીતે ગાયન કરીને તેને વંદન કરીએ છીએ.

દેશના રાજ્યોના પાટનગરોથી લઇ છેક શાળાસ્તર સુધી વંદે માતરમના ગાન ગુંજ્યા હતા અને લોકોએ પોતાની આત્માની અભિવ્યકિત વ્યકત કરી હતી. આજથી શરૂ થયેલા કાર્યક્રમમાં આગામી દિવસોમાં અનેકવિધ આયોજનો થશે.

૧૯૦૫માં બંગાળના ભાગલા સામે વંદે માતરમ એક વ્યાપક નારો બની ગયો. રંગપુરની એક શાળામાં બાળકોએ આ ગીત ગાયું ત્યારે બ્રિટિશ અધિકારીઓએ ૫૦૦ વિદ્યાર્થીને ફક્ત વંદે માતરમ બોલવા બદલ પાંચ-પાંચ રૂપિયાનો દંડ ફટકાર્યો.

બ્રિટિશ સરકારે ઘણી શાળાઓમાં વંદે માતરમ ગાવા પર પ્રતિબંધ મૂક્યો હતો. એ સમયે વિદ્યાર્થીઓ વર્ગો છોડી દેતા હતા, સરઘસ કાઢતા હતા અને ગીત ગાતા રહેતા હતા. ઘણી જગ્યાએ તેમને પોલીસે માર માર્યો હતો અને કેદ કરવામાં આવ્યા હતા.

૧૭ ઓગસ્ટ ૧૯૦૯ના રોજ જ્યારે મદનલાલ ધીંગરાને ઈંગ્લેન્ડમાં ફાંસી આપવામાં આવી ત્યારે તેમના છેલ્લા શબ્દો વંદે માતરમ હતા.

ભારતને સ્વતંત્રતા મળ્યા પછી બંધારણ સભાએ રાષ્ટ્રગીત અંગે નિર્ણય લેવાનો હતો. ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ બંધારણ સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જણાવ્યું હતું કે વંદે માતરમ ગીતે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી છે. એને રાષ્ટ્રગીત જન ગણ મન સમાન માન અને દરજ્જો આપવામાં આવશે. આ સાથે વંદે માતરમને ભારતનું રાષ્ટ્રીય ગીત જાહેર કરવામાં આવ્યું હતું.

# હાઈવે પર રખડતા શ્વાન અને પશુઓને હટાવવા સુપ્રીમનો આદેશ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે દેશભરમાં શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને હાઈવે અને રસ્તાઓ સહિત સંસ્થાકીય સ્થળોએ રખડતા શ્વાન કરડવાના કેસોમાં થઈ રહેલા વધારાની ગંભીર નોંધ લીધી છે. ન્યાયાધીશ વિક્રમ નાથ, સંદીપ મહેતા અને એન.વી. અંજારિયાની બેન્ચે આ અંગે મહત્ત્વના નિર્દેશો જાહેર કર્યા છે. બેન્ચે તમામ સંબંધિત અધિકારીઓને આદેશ આપ્યો છે કે તે સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ તેમજ હોસ્પિટલોના પરિસરમાં રખડતા શ્વાનને પ્રવેશતા અટકાવવા માટે તાત્કાલિક પગલાં લે, જેથી શ્વાનના હુમલા અટકાવી શકાય.

સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતુ કે, આવા સંસ્થાકીય પરિસરોમાંથી પકડાયેલા રખડતા શ્વાનને નિયુક્ત આશ્રયસ્થાનોમાં લઈ જવા જોઈએ. આ ઉપરાંત કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે પકડાયેલા શ્વાનને તે જ વિસ્તારમાં પાછા છોડવા ન આવે.

બીજી તરફ સુપ્રીમ કોર્ટે હાઈવે અને એક્સપ્રેસવે પરથી ઢોર અને અન્ય રખડતા પ્રાણીઓને દૂર કરવા અને તેમને નિયુક્ત આશ્રયસ્થાનોમાં સ્થાનાંતરિત કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. કોર્ટે અધિકારીઓને એવા હાઈવેના વિસ્તારોને ઓળખવા માટે એક ખાસ ઝુંબેશ ચલાવવાનો નિર્દેશ આપ્યો છે જ્યાં રખડતા પ્રાણીઓ વારંવાર જોવા મળે છે.

ઉલ્લેખનીય છે કે, ત્રીજી નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે સંસ્થાકીય વિસ્તારોમાં શ્વાનના કરડવાના ગંભીર જોખમને અટકાવવા માટે નિર્દેશ આપવાની વાત કહી હતી, ખાસ કરીને જ્યાં સ્ટાફ રખડતા શ્વાનને ખવડાવે છે અને તેમને પરિસરમાં રહેવા માટે પ્રોત્સાહન આપે છે. કોર્ટ દિલ્હીમાં શ્વાન કરડવાથી હડકવા ફેલાય છે તે અંગેના મીડિયા અહેવાલ બાદ ૨૮મી જુલાઈના રોજ શરૂ કરાયેલા સુઓ મોટો કેસની સુનાવણી કરી રહી છે.

કોર્ટે રખડતા શ્વાનના આ મુદ્દાને માત્ર દિલ્હી-રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રની સીમાઓથી આગળ વધારીને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ કેસમાં પક્ષકાર બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. આ કેસની આગામી સુનાવણી ૧૩મી જાન્યુઆરી માટે નક્કી કરવામાં આવી છે.

# બિહાર વિધાનસભાની ચૂંટણીમાં બંપર વોટિંગ થતા કોની સરકાર બનશે તે વિશે અવઢવ

**મુખ્ય સમાચાર, પટણા**

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થયું છે. સાંજે ૬ વાગ્યા સુધીમાં, રેકોર્ડ ૬૪.૪૬ મતદાન નોંધાયું હતું, હંમેશની જેમ, મતદાન પછી, દરેક પક્ષે પોતાના પક્ષમાં અતિશયોક્તિપૂર્ણ દાવા કરવાનું શરૂ કર્યું છે.મતદાનના પ્રથમ તબક્કામાં, ૧૨૧ મતવિસ્તારોમાં ૬૪.૬૯ ટકા મતદારોએ મતદાન કર્યું હતું, જે પાછલી ચૂંટણી કરતા આશરે સાડા આઠ ટકાનો વધારો દર્શાવે છે.બિહારના રાજકારણમાં આ ચૂંટણીને અભૂતપૂર્વ માનવામાં આવી રહી છે, કારણ કે તે રાજ્યના ઇતિહાસમાં સૌથી વધુ મતદાન દર્શાવે છે. ૨૦૨૦ માં, પ્રથમ તબક્કામાં ૫૬.૧ ટકા મતદાન થયું હતું, પરંતુ તે સમયે ૭૧ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી, જ્યારે આ વખતે ૧૨૧ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, પ્રથમ તબક્કામાં ૧૨૧ મતવિસ્તારોમાં ૬૪.૬૯ ટકા મતદાન થયું હતું, જે ૨૦૨૦ ની વિધાનસભા ચૂંટણીમાં આશરે ૫૬ ટકા હતું. આ અગાઉની ચૂંટણી કરતા આશરે સાડા આઠ ટકાનો વધારો સૂચવે છે. આ ચૂંટણીમાં મતદાનમાં થયેલા વધારાથી રાજકીય પક્ષોની ચિંતા વધી ગઈ છે.

બિહારમાં વિધાનસભા ચૂંટણીઓની વાત કરીએ તો, ૧૯૫૧-૫૨ થી ૨૦૨૦ સુધી માત્ર ત્રણ વખત મતદાન ૬૦ ટકાથી વધુ થયું છે. અગાઉનો સૌથી વધુ મતદાન ૧૯૯૦માં ૬૨.૦૪ ટકા, ૧૯૯૫માં ૬૧.૭૯ ટકા અને ૨૦૨૦માં ૬૨.૫૭ ટકા હતો. જોકે, આ વખતે બધા રેકોર્ડ તૂટી ગયા છે. પહેલા તબક્કામાં ૬૪.૬૯ ટકા મતદાન થયું હતું. જો આગામી તબક્કામાં પણ આ જ ગતિએ મતદાન ચાલુ રહેશે, તો તે બિહારના ઇતિહાસમાં એક રેકોર્ડ હશે. ૧૯૫૧-૫૨માં બિહારમાં અત્યાર સુધીનું સૌથી ઓછું મતદાન ૪૨.૬૦ ટકા હતું.

આઝાદી પછી બિહારમાં યોજાયેલી તમામ ચૂંટણીઓની મતદાન પેટર્નની વાત કરીએ તો, એ સ્પષ્ટ છે કે જ્યારે પણ મતદાનમાં ૫ ટકાથી વધુનો વધારો થયો છે, ત્યારે તેની અસર ચૂંટણીઓ પર પડી છે. બિહારમાં સરકાર બદલાઈ ગઈ છે, મતદાનમાં વધારો થવાથી સત્તા પર રાજકીય અસર પડી છે તે ત્રણ વખત જોવા મળ્યું છે.

મતદાનમાં આ વધારો ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન ઝુંબેશને આભારી છે. હેઠળ, મતદાર યાદીના ખાસ સઘન સુધારાના પરિણામે રાજ્યમાં ૩.૦૭ મિલિયન મતદારોને કાઢી નાખવામાં આવ્યા હતા, જેના પરિણામે કુલ મતદાનમાં ચાર ટકાનો ઘટાડો થયો હતો. આ ૧૨૧ મતવિસ્તારોમાં, ૧.૫૩ મિલિયન મતદારોને કાઢી નાખવામાં આવ્યા હતા, જે ૨૦૨૪ની લોકસભા યાદીની તુલનામાં ૩.૯ ટકાનો ઘટાડો હતો. તેમ છતાં, મતદાનમાં કોઈ ઘટાડો થયો ન હતો. કમિશને આ મતવિસ્તારો માટે ૩.૭૫ કરોડ મતદારોનું મતદાન જાહેર કર્યું હતું, જે ૩.૭૩ કરોડના અંતિમ યાદી કરતાં માત્ર ૦.૪ ટકાનો વધારો હતો. પરિણામે, ૨.૪૩ કરોડ મતદારોએ મતદાન કર્યું, જે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નોંધાયેલા ૨.૧૫ કરોડ કરતા નોંધપાત્ર રીતે વધુ હતું.

# સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું માર્કેટકેપ અધધ... ૧૦૦ અબજ ડોલરને પાર

### એચડીએફસી અને આઈસીઆઈસીઆઈ બાદ માર્કેટકેપમાં હવે પ્રથમ રાષ્ટ્રીયકૃત બેંક સામેલ




**મુખ્ય સમાચાર, મુંબઇ**

દેશની સૌથી મોટી રાષ્ટ્રીયકૃત સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ વધુ એક માઇલસ્ટોન હાંસલ કરતા તેનું માર્કેટ કેપ ૧૦૦ અબજ ડોલરને પાર થઇ ગયું છે. સ્ટેટ બેંકે સપ્ટેમ્બર માસના જે પરિણામો જાહેર કર્યા તેમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન બહાર આવ્યું છે અને તેના કારણે તેનું માર્કેટ કેપ ૧૦૦ અબજ ડોલરના આંકડાને પાર કરી ગયું છે.

સ્ટેટ બેંકે અગાઉ જ તેના બિઝનેસને ૧૦૦ લાખ કરોડ રૂપિયાનો આંકડો વટાવી દીધો હતો. સપ્ટેમ્બર ૨૦૨૫માં બેંકનું કુલ ધિરાણ ૪૪.૨૦ લાખ કરોડ રૂપિયા અને થાપણો ૫૫.૯૨ લાખ કરોડ રૂપિયા નોંધાઇ છે.

દેશમાં માર્કેટ કેપ મુદ્દે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૨૨૮ અબજ ડોલર સાથે પ્રથમ સ્થાને છે જ્યારે બીજા સ્થાને એચડીએફસી બેંક ૧૭૦ અબજ ડોલર તેમજ ભારતી એરટેલ, ટાટા કન્સલ્ટન્સી અને આઇસીઆઇસીઆઇ બેંક ૧૦૦ અબજ ડોલરથી વધુનો માર્કેટકેપ ધરાવે છે તેમાં હવે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા પણ સામેલ થઇ ગઇ છે.

બેંકના ચેરમેન સી.એસ.શેટ્ટીના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય કૃત બેંકોનું જે રીતે વિલીનીકરણ થઇ રહ્યું છે તેનાથી બેંકો મજબુત બની રહી છે. જુલાઇ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં બેંકની શુધ્ધ આવક ૩ ટકા વધીને ૪૨,૯૮૫ કરોડ નોંધાઇ છે અને તેનો નફો રૂા. ૨૦,૧૬૦ કરોડ નોંધાયો હતો. જે ગત વર્ષ કરતા ૧૦ ટકા વધુ છે. આ ઉપરાંત યસ બેંકમાં જે શેર હોલ્ડીંગ સ્ટેટ બેંકનું હતું તે પુરેપુરૂ વહેંચીને ૪૫૯૩ કરોડની કમાણી કરી હતી.

# ચૂંટણીમાં ગેરરીતી આચરી મોદી વડાપ્રધાન બન્યાઃ રાહુલ ગાંધી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચૂંટણી પંચ દ્વારા મત ચોરીના દાવાઓ ફગાવી દેવાયા હોવા છતાં, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે કહ્યું કે, તેઓ આ બાબતે તપાસ ચાલુ જ રાખશે. તેમણે જણાવ્યું કે, 'અમારી પ્રક્રિયા અટકી નથી અને અમારી પાસે ઘણી બધી બાબતો છે. જે સાબિત કરશે કે ચૂંટણી પંચ કેવી રીતે ગેરરીતિઓ આચરી રહ્યું છે. આ દરમિયાન, તેમણે 'જનરેશન ઝેડ' ને જાગૃત કરવાની વાત કરતાં કહ્યું કે, 'અમે દેશના યુવાનોને જણાવીશું કે પીએમ નરેન્દ્ર મોદી ચૂંટણીમાં ચોરી કરીને કેવી રીતે વડાપ્રધાન બન્યા છે.'

રાહુલ ગાંધીએ કહ્યું કે, 'સીધી વાત એ છે કે હરિયાણાની ચૂંટણી, જેને મેં પ્રેઝન્ટેશનમાં બતાવી, તે ચૂંટણી નહોતી, પણ હોલસેલ ચોરી હતી. મારા આરોપો પર ચૂંટણી પંચ કે ભાજપ તરફથી કોઈ જવાબ આવ્યો નથી, પરંતુ મારા નિવેદનને નકારવ-ામાં પણ આવ્યા નથી.' કોંગ્રેસ નેતાએ આકરો આક્ષેપ કરતાં કહ્યું કે 'નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ઈલેક્શન કમિશન મળીને બંધારણ પર આક્રમણ કરી રહ્યા છે. બંધારણનો સિદ્ધાંત 'વન મેન, વન વોટ' હરિયાણામાં લાગુ પડ્યો નથી, કારણ કે ત્યાં બ્રાઝિલની મહિલાના નામે વોટર આઈડી બન્યા અને એક બૂથ પર ૨૦૦ કાર્ડ્સમાં એક જ મહિલાની તસવીર જોવા મળી.'

બિહારમાં મતદાનની ટકાવારી વધવા અંગે રાહુલ ગાંધીએ કહ્યું કે, 'અમારી પાસે ઘણી બધી વસ્તુઓ છે. અમારી પ્રક્રિયા ચાલતી રહેશે. અમે ને બતાવતા રહીશું કે નરેન્દ્ર મોદી ચૂંટણીમાં ચોરી કરીને બન્યા છે.'

# ભારત માટે રાહતના સમાચારઃ સાઉદી કંપનીએ ક્રુડ તેલના ભાવ ઘટાડતા પેટ્રોલ-ડિઝલ મોંઘા નહીં થાય




**મુખ્ય સમાચાર, રિયાધ**

ભારત અને અમેરિકા વચ્ચે ક્રુડ તેલ ખરીદી મુદ્દે ચાલતા વિવાદ વચ્ચે એક સારા સમાચાર આવ્યા છે, દુનિયામાં ટોચના ક્રુડ તેલ ઉત્પાદક સાઉદી અરેબીયન કંપની સાઉદી આરમોકો એ ડિસેમ્બર માસથી એશિયન ડીલીવરી માટેના તેના ક્રુડ તેલના ભાવમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે.

આરમોકો કે દુનિયાની સૌથી મોટી ક્રુડ તેલ નિકાસકાર કંપની છે તેને નવેમ્બર માસના ભાવથી ક્રુડ તેલના ભાવ ૧.૨ થી ૧.૪ ડોલર પ્રતિ બેરલ ઘટાડવાની જાહેરાત કરી છે. જેના કારણે ભારતને આગામી સમયમાં રશિયાના બદલે સાઉદી ક્રુડ તેલ ખરીદવામાં સરળતા રહેશે.

જોકે ફકત આ ભાવ વધારો એશીયા માટે જ છે, ઉતર પૂર્વ યુરોપ માટેના ભાવ યથાવત રાખ્યા છે. દુબઇ અથવા તો બ્રેન્ટ ક્રુડ તેલ ઓળખાતા આ ક્રુડ તેલ એ ભારત માટે સૌથી મહત્વનું છે.

સાઉદી અરેબિયાએ ભાવ ઘટાડતા હવે ભારતની રીફાઇનરીઓ રશિયન ક્રુડ તેલનો વિકલ્પ પસંદ કરી શકશે. દેશની ટોચની રીફાઇનરી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે હાલમાં જ સાઉદી ખરીદી વધારી છે. હવે રશિયા તરફથી મળતા રોજના એક મીલીયન બેરલ ક્રુડ તેલના વિકલ્પમાં સાઉદી કંપની પાસેથી ખરીદી વધારી શકાય છે.

# વંદે માતરમ ગાનને ૧૫૦ વર્ષ પૂર્ણ થતા કરાઇ ગરીમાપૂર્ણ ઉજવણી













**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતના રાષ્ટ્રીય ગીત વંદે માતરમ પ્રસિધ્ધ થયાને આજે ૧૫૦ વર્ષ પૂર્ણ થતા તેની ગરીમાપૂર્ણ ઉજવણી શહેરભરમાં કરવામાં આવી હતી. વંદેમાતરમના માધ્યમથી સમગ્ર સ્વતંત્રા ચળવળને એક તાંતણે બાંધવાનો પ્રયાસ કરાયો હતો. આજે આ રાષ્ટ્ર ગાને ભારતને નવી ઉચ્ચાઇ આપી છે. શહેરની જુદી-જુદી સરકારી કચેરીઓ તેમજ સંસ્થાઓ સાથે વંદેમાતરમ રાષ્ટ્રગીતના સમુહ ગાનનો કાર્યક્રમ આજે યોજાયો હતો. જેમાં ગાન સાથે સ્વદેશી શપથ લેવામાં આવે. રાજકોટ મહાનગરપાલિકા ખાતે મેયર નયનાબેન પેઢડીયાની અધ્યક્ષતામાં, કલેકટર કચેરી ખાતે, રાજકોટ જિલ્લા પંચાયત ખાતે પ્રમુખ પ્રવિણાબેન રંગાણીની અધ્યક્ષતામાં, રાજકોટ રેલ્વે ડિવિઝન ખાતે, તેમજ ભાજપ કાર્યાલય કમલમ ખાતે પણ વંદેમાતરમ ગાનની ઉજવણી કરાઇ હતી. તે પ્રસંગની તસ્વીરો.

# વિશ્વ ઉમિયાધામ ખાતે ટ્રસ્ટી અને હોદ્દેદારોનું સ્નેહમિલન યોજાયું, ૧૫૦૦ લોકો ઉપસ્થિત રહ્યા

## વિશ્વઉમિયાધામ ખાતે મા ઉમિયાની મૂર્તિ માટે માત્ર ૩ કલાકમાં ૩૧ તોલા સુવર્ણદાનની જાહેરાત





**આ વર્ષમાં વિશ્વઉમિયાધામ માટે ૨૫૦ કરોડનું દાન એકત્ર કરવાનો સંકલ્પઃ આર.પી.પટેલ**

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વિશ્વના સૌથી ઊંચામાં ઊંચા જગત જનની મા ઉમિયાના મંદિર વિશ્વ ઉમિયાધામનું નિર્માણ કાર્યપુરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે વિશ્વ ઉમિયાધામ- જાસપુર ખાતે બુધવારે ટ્રસ્ટીઓ, હોદ્દેદારઓ એવમ્? કાર્યકર્તાઓનું સ્નેહમિલન યોજાયું હતું. જેમાં ૧૫૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. નવા વર્ષમાં નવા ઉત્સાહ અને ઉમંગ સાથે સમગ્ર રાજ્યના જિલ્લા પ્રમુખ અને કારોબારી સહિતની સમગ્ર ટીમ સ્નેહમિલનમાં પધારી હતી. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા એવમ્? પ્રમુખ શ્રી આર.પી.પટેલ સ્નેહમિલન કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું કે ૨૦૨૭માં જગત જનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચામાં ઉંચા મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. મા ઉમિયાની કૃપાથી આ વર્ષમાં ૨૫૦ કરોડ દાન એકત્ર કરાવનો સંકલ્પ લઈએ છીએ. વિશેષ દાન અંગે વાત કરતા પ્રમુખ જણાવે છે કે મા ઉમિયાની ૧૦૦ કિલો વજનની મૂર્તિના નિર્માણ માટે માત્ર એક જ દિવસમાં સ્નેહમિલનના દિવસે ૩૧ તોલાથી વધુ સોનાની જાહેરાત થઈ હતી. પ્રમુખશ્રીએ હોદ્દેદારોને નવા સંકલ્પ સાથે કાર્યકરવાનું આહવાન કર્યું હતું. આગામી દિવસોમાં વિશ્વઉમિયાધામના નિર્માણ માટે ઘર ઘર સુધી પહોંચી ઈંટદાન અભિયાન ચલવાવ માટે કાર્યકર્તાઓએ કટિબદ્ધતા દર્શાવી હતી.

# ઉનાના રેવદમાં પાક નુકસાનથી આત્મહત્યા કરનાર ખેડૂતના પરિવારને આર્થિક મદદ

## ઈશુદાન ગઢવી રેવદ ગામે પહોંચ્યાઃ એનજીઓમાંથી ૫૧ હજારની સહાયની જાહેરાત

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના રેવદ ગામે ભારે વરસાદને કારણે અનેક લોકોના ખેતરોમાં પાણી ઘૂસી અને પાકમાં ભારે નુકસાની થઈ અને સરકારે જાહેરાત કરવાની વાત પણ કરી રેવદ ગામે રહેતા મૃતક ગફરભાઈ ને પણ પોતાના ખેતરમાં વરસાદને કારણે પાકમાં ભારે નુકસાની થઈ તેઓ ટેન્શનમાં આવી ગયા એમના પર પરિવારની જવાબદારી અને બીજી પર મંડળીનું લેણું અને બીજી પર ભારે વરસાદને કારણે પાકમાં નુકસાની થઈ મૃતક ગફારભાઈએ પોતાના શરીરે કોઈ પાંડો બાંધી અને કૂવામાં ઝંપલાવ્યું અને તેમનું થયું જાણે પરિવાર પર આ ફાટી પડ્યો તેવી કરુણઘટના ઘટી અને ત્યારે આજે આમ આદમી પાર્ટીના નેતા એવા ઈશુદાનભાઈ ગઢવી રેવદ ગામે પહોંચ્યા અને પરિવારને મળ્યા પરિવારને આ શ્વસન આપ્યું અને પોતાના એનજીઓ માંથી રૂપિયા ૫૧,૦૦૦ ની સહાયની જાહેરાત કરી મુસ્લિમ સમાજના આગેવાન મનુભાઈ ઉનડજામ તેઓ પણ આગળ આવ્યા અને પોતે આ પરિવારને રૂપિયા એક લાખની સહાયની જાહેરાત કરી અને સરકારને પણ અપીલ કરી અને આ પરિવારને જ્યાં જરૂર પડે ત્યાં હર હંમેશ આપની સાથે છુ તેઓ મુનાભાઈ કહ્યું આ પરિવારને આવનારા સમયમાં વધારે સહાય મળેતે માટે ગુજરાત રાજ્ય મુખ્યમંત્રીને પણ રજૂઆત કરવા માટે મુનાભાઈએ જણાવ્યું હતુ.

# ધોરાજીનાં મોટાગુંદાળા પાસે S.T બસ પૂલ પરથી વોંકળામાં ખાબકીઃ ૧૦ને ઈજા

## નાની-મોટી ઈજા પામેલા તમામ મુસાફરોને ધોરાજી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા



**મુખ્ય સમાચાર, ધોરાજી**

ગુરૂવારે બપોરનાં સમયે રાજકોટ જિલ્લાનાં ધોરાજી નજીક એસ.ટી.ની એક બસને ગંભીર અકસ્માત નડતા ૧૦ જેટલા મુસાફરોને ફેકચર સહિતની નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.આ ઈજા ગ્રસ્તોને ધોરાજીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ જૂનાગઢ એસ.ટી.વિભાગ હેઠળનાં જેતપુર ડેપોની ઢાંક-જેતપુર રૂટની બસ જેતપુર જતી હતી.

ત્યારે ધોરાજી નજીકનાં મોટા ગુંદાળા પાસે એકવાટિક વોટર પાર્ક આગળ એક વોંકળાનાં પૂલ ઉપરથી એસ.ટી.બસ પસાર થઈ રહી હતી.ત્યારે પુલ ઉપરથી આ બસ વોંકળામાં ખાબકતા મુસાફરોમાં ચિચિયારી થઈ ગઈ હતી.

આ અંગે સ્થાનિકોએ પોલીસ અને એસ.ટી.વિભાગને જાણ કરતા તાત્કાલિક એસ.ટી.ના જેતપુર ડેપો મેનેજર અને પોલીસ ઘટના સ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી.અને ઈજાગ્રસ્ત થયેલા ૧૦-મુસાફરોને ધોરાજી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા હતાં.

દરમ્યાન આ અકસ્માત કઈ રીતે સર્જાયો? તે અંગે જેતપુર એસ.ટી.ડેપો મેનેજરનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે બસમાં ડ્રાઈવરને ચાલુ વાહને છાતીમાં ગભરામણ થઈ અને ચકકર આવ્યા હતા.આથી તેઓએ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દિધો હતો. અને બસ પુલિયા ઉપરથી વોંકળામાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૧૦-જેટલા મુસાફરોને હાથ-પગમાં ફેકચર અને માથામાં ઈજા પહોંચી હતી.આથી ઘાયલોને તાત્કાલિક ધોરાજી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, એસ.ટી.બસોમાં નવી બસો આવવા સાથે જુની ઓવર એઈ જ બસોની સંખ્યા પણ વધતી જાય છે.છતા આવી જુની બસો હજુ દોરાવાતી હોય આવી બસો વારંવાર અકસ્માત સર્જે છે.

# હળવદના ભલગામડા ગામે બાંધકામમાં રેતીના મુદ્દે ખેડૂત પર હુમલો, ત્રણ ઈસમો સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના ભલગામડા ગામે ૨૨૦ કે.વી. સબસ્ટેશનના બાંધકામ માટે રેતી ન નાખવા દેવાના વિવાદમાં ત્રણ ઈસમોએ ભલગામડાના ખેડૂત સાથે મારકૂટ કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, ત્યારે સમગ્ર મામલે ભોગ બનનાર દ્વારા હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ તાલુકાના ભલગામડા ગામની સીમમાં બુટભવાની માતાજીના મંદિરે જવાના પાટીયા નજીક ૦૪ નવેમ્બરના રોજ રેતી મુદ્દે વિવાદ ઊભો થયો હતો. જેમાં ફરીયાદી રઘુભાઈ બનેસંગભાઈ ભાટિયા ઉવ.૪૬ રહે. ભલગામડા તા.હળવદ વાળા ત્યાં હાજર હતા ત્યારે બોલેરો કેમ્પરમાં આવેલા ત્રણ આરોપીઓ સામતભાઈ રામજીભાઈ ઝાપડા રહે. હળવદ, જીગ્નેશસિંહ સુખદેવસિંહ ઝાલા અને હરદિપસિંહ સુખદેવસિંહ ઝાલા બન્ને રહે. સાપકડા તા.હળવદ વાળાએ ફરિયાદીને ૨૨૦ કે.વી. સબસ્ટેશનના બાંધકામમાં કેમ રેતી ન નાખવા દેવાનું કહી એકદમ ઉશ્કેરાઈ જઈને ફરિયાદીને ઢીકાપાટાનો માર માર્યો હતો. તથા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઘટના બાદ પીડિત રઘુભાઈએ હળવદ પોલીસ મથકમાં ત્રણેય વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# જામનગરના દરિયાઈ વિસ્તારની સુરક્ષાને અનુલક્ષીને પોલીસ વિભાગ, ફિશરીશ અને જીએમબી વિભાગની કવાયત

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જિલ્લાના સાગર કિનારાઓની સુરક્ષાને અનુલક્ષીને જામનગર જિલ્લાના પોલીસ વિભાગ ઉપરાંત ફિશરીશ વિભાગ અને જીએમબી ના અધિકારીઓની સંયુક્ત ટીમ દ્વારા જામનગરના જુના બંદરે ફિશ લેન્ડીંગ પોઈન્ટની વિઝીટ કરવામાં આવી હતી, જેમાં જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓ જોડાયા હતા.જામનગર ના એસ.પી. ડો. રવિ મોહન સૈની, ઉપરાંત જામનગર શહેર વિભાગના ડી.વાય. એસ.પી. જે.એન. ઝાલા, એસ.ઓ.જી. શાખા ના પોલીસ ઈન્સ્પેક્ટર બી. એન. ચૌધરી, તેમજ બેડી મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરી સહિતના ઉચ્ચ અધિકારીઓ ની ટિમ દ્વારા જામનગરના જુના બંદરે ફિશ લેન્ડીંગ પોઈન્ટ ની મુલાકાત લીધી હતી, અને બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.

સમગ્ર પોલીસ ઉચ્ચ અધિકારીઓની ટીમની સાથે ફિશરીશ વિભાગના અધિકારીઓ, તેમજ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ ના અધિકારીઓની ટુકડી પણ જોડાઈ હતી, અને સુરક્ષા વ્યવસ્થા સંબંધે જરૂરી સમીક્ષા કરવામાં આવી હતી.

# કાલાવડના નાગબાઈ માતાજીના મંદિરને નિશાન બનાવતા તસ્કરોઃ દાન પેટીમાંથી 30,000નું પરચુરણ ઉઠાવી ગયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના વિભાણિયા ગામમાં નાગબાઈ માતાજીનું મંદિર આવેલું છે, અને ત્યાં નવઘણભાઈ કરમણભાઈ ગોલતર કે જેઓ મંદિરમાં સેવા પૂજા કરે છે, તેઓએ ગઈકાલે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં જાહેર કરી મંદિરમાંથી રૂપિયા ૩૦,૦૦૦ના પરચુરણની ચોરી થઈ ગઈ હોવાનું જણાવ્યું છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર વિભાણીયા ગામમાં આવેલા નાગબાઈ માતાજીના મંદિરમાં ગઈ રાત્રિના સમયે કોઈ તસ્કરોએ તાળું તોડી અંદર પ્રવેશ મેળવી લીધો હતો, અને મંદિરમાં રાખેલી દાન પેટી કે જેનું પણ તાળું તોડી નાખ્યું હતું, અને અંદર એકત્ર થયેલી રૂપિયા ૩૦,૦૦૦ ની રોકડ રકમની ચોરી કરી લઈ ગયા હતા.આ ફરિયાદના બનાવ બાદ કાલાવડ ગ્રામ્ય પોલીસની ટીમ વિભાણિયા ગામે દોડી ગઈ હતી અને સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરમાં દોરા-ધાગાની આડમાં ચાલતા ધતિંગનો પર્દાફાશ, મહિલા વિરુદ્ધ માફી અને કાનૂની કાર્યવાહી




**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના શક્તિપરા વિસ્તારમાં દોરા-ધાગાં, ત્રાટક વિધ્યા અને દાણા પીવડાવવાના નામે છેલ્લા દસ વર્ષથી ચાલતા ધતિંગનો વિજ્ઞાન જાથા અને પોલીસ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. જેમાં એક મુસ્લિમ મહિલા સંતાન પ્રાપ્તિથી લઈને વિવિધ રોગોના ઉપચાર સુધીના ખોટા દાવા કરી લાખો રૂપિયા ખંખેરતી હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે વિજ્ઞાન જાથાના અધિકારીઓ દ્વારા સમગ્ર મામલે પોલીસને સાથે રાખી મહિલા વિરુદ્ધ માફી તથા કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે.

વાંકાનેરમાં દોરા-ધાગાના નામે લોકોને ઠગતા એક મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. શક્તિપરા વિસ્તારમાં રહેતી હનીફાબેન શબ્બીરભાઈ પઠાણ છેલ્લા લગભગ ૧૦ વર્ષથી ઘરમાં મેલડી માતા અને ખોડીયાર માતાનું મંદિર બનાવી દોરા-ધાગા, ત્રાટક વિધ્યા, દાણા પીવડાવવું, ઉતાર કરવો જેવા કૃત્યો કરતી હોવાનું સામે આવ્યું છે. દુઃખ-દર્દ, ઘર કંકાસ, સંતાન પ્રાપ્તિ અને લગ્નસંબંધી સમસ્યાઓના નિવારણ સહિત દવા વગર વિવિધ રોગો મટાડી આપવાના મહિલા દાવા કરતી હતી. ઘટનાનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે થાનગઢના એક પરિવારના વ્યક્તિને હનીફાબેને દવા બંધ કરાવ્યા બાદ તેનું મૃત્યુ થયું હતું, ત્યારે પરિવારજનો વિજ્ઞાન જાથાના સંપર્કમાં આવ્યા બાદ સમગ્ર મામલો સામે આવ્યો હતો. તપાસ દરમ્યાન મહિલાએ લોકો પાસેથી ૨,૦૦૦ થી લઈને ૨૦,૦૦૦ રૂપિયા સુધી ઉઘરાવ્યા હોવાનો ખુલાસો થયો હતો.

વિજ્ઞાન જાથા અને વાંકાનેર પોલીસે સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. ટીમે મહિલાથી પૂછપરછ કરી ધતિંગ તરત બંધ કરવાની સૂચના આપી. બાદમાં હનીફાબેને પોતાના કૃત્ય અંગે જાહેરમાં માફી માંગી અને આગળથી આવા કૃત્યો ન કરવાનું વચન આપ્યું હતું. હાલ વાંકાનેર પોલીસે મહિલાની વિરુદ્ધ કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

# જામનગરમાં સિંધી સમાજે રેલી યોજી કલેકટરને આવેદનપત્ર આપ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં સિંધી સમાજે તેમના ઈષ્ટદેવ ભગવાન શ્રી ઝૂલેલાલ વિશે છત્તીસગઢમાં થયેલી અપમાનજનક ટિપ્પણીના વિરોધમાં બાઈક રેલી યોજી હતી. આ રેલી બાદ સમાજના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું હતું.છત્તીસગઢ રાજ્યના રાયપુર શહેરમાં જેસીપી અધ્યક્ષ અમિત બધેલ દ્વારા સમસ્ત સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન શ્રી ઝૂલેલાલજી વિરુદ્ધ અયોગ્ય અને અપમાનજનક વાણીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે સિંધી સમાજ અંગે અણછાજતા, આધારવિહોણા અને અપમાનજનક આક્ષેપો કરીને સમાજની ધાર્મિક તથા સામાજિક લાગણીઓને ગંભીર ઠેસ પહોંચાડી હતી.આ પ્રકારના વાણીવિલાસથી માત્ર સિંધી સમાજમાં જ નહીં, પરંતુ સમગ્ર સમાજમાં અસંતોષ અને દુઃખની લાગણી વ્યાપી છે. દુનિયાભરના સિંધી સમાજમાં આ નિવેદનને લઈને ભારે રોષ અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

સિંધી સમાજે કલેક્ટર સમક્ષ પાઠવેલા આવેદનપત્રમાં ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકાર મારફતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી હસ્તક્ષેપ માટે રજૂઆત કરી છે. તેમણે છત્તીસગઢ સરકારને યોગ્ય માર્ગદર્શન આપી જેસીપી અધ્યક્ષ અમિત બધેલ સામે કાનૂની કાર્યવાહી કરાવવાની માંગ કરી છે.આવેદનમાં એવી પણ માંગ કરવામાં આવી છે કે આવનારા સમયમાં કોઈ પણ વ્યક્તિ અથવા અધિકારી દ્વારા કોઈ પણ સમાજની ધાર્મિક લાગણી દુભાય નહીં તે માટે તંત્ર સચેત રહે અને જરૂરી નિર્દેશો આપવામાં આવે.

# મોરબીના લાલપર ગામે દીવાલ માથે પડતા ૭ વર્ષીય માસુમ બાળકીનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લાલપર ગામમાં બંધ બોલેરો કાર રડીને દીવાલ સાથે અથડાઈ હતી અને આ દીવાલ પડતા ત્યાં રમી રહેલ માસુમ બાળકીને ગંભીર ઇજાઓ પહોચતા તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી છે.

મોરબી તાલુકા પોલીસ મથકે નોંધાયેલ અ.મૃત્યુના બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના લીલાપર ગામે ગુરુદેવ સોસાયટીમાં રહેતા મનોજભાઈ રબારીની ૭ વર્ષીય દીકરી મહેકબેન લાલપર ગામ ધાર વિસ્તારમાં પોતાના મામાના ઘરે ફળીયામાં દિવાલ પાસે રમતી હતી તે વખતે બાજુમાં બંધ પડેલ બોલેરો કાર રજી. નં. જીજે-૦૩-એજેડ-૯૩૦૨ વાળી કોઈ કારણોસર રડી પડતા દિવાલ સાથે અથડાથા દિવાલ માથે પડતા માસુમ મહેકને શરીરે તથા માથાના ભાગે ઈજા થતા તેણીનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે પોલીસ તપાસના મૃતકના પિતા મનોજભાઈ જીવણભાઈ કૈડ દ્વારા આપેલ પ્રાથમિક વિગતોને આધારે પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# હળવદના કવાડીયા સોલાર પ્લાન્ટમાં થયેલ કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો

## હળવદ પોલીસે બે આરોપી પાસેથી રૂ.૨.૯૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના કવાડીયા ગામની સીમમાં આવેલા સોલાર પ્લાન્ટમાંથી થયેલી કોપર કેબલની ચોરીનો ગુનો હળવદ પોલીસે ગણતરીની કલાકોમાં ડિટેક્ટ કર્યો છે. જેમાં બે આરોપીઓને ઝડપી લઈ, પોલીસે ૪૬૦ કિલોથી વધુનો કોપર વાયરનો મુદ્દામાલ કબ્જે કરી બન્ને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ તાલુકાના કવાડીયા ગામની સીમમાં આવેલા સોલાર પ્લાન્ટમાંથી ઈલેક્ટ્રિક કોપર કેબલ વાયર ચોરીનો બનાવ બન્યો હતો. બનાવ અંગે હળવદ પોલીસ મથકમાં અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદને આધારે હળવદ પોલીસ મથકના પીઆઇ આર.ટી. વ્યાસના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ અનડિટેક્ટ ચોરીનો ભેદ ઉકેલવા કાર્યરત હોય તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે સર્વેલન્સ ટીમે સુખપર ગામની સીમમાં બે શંકાસ્પદ વ્યક્તિઓને રોકી તપાસ કરતાં તેઓ સોલાર પ્લાન્ટમાંથી કેબલ ચોરીમાં સંડોવાયેલા હોવાના પુરાવા મળ્યા હતા. આ સાથે પોલીસે આરોપી સુલતાન ઉર્ફે કાનો ધીરૂભાઈ પ્રભુભાઈ દેકાવાડીયા તથા આરોપી રવી ધનશ્યામભાઈ પ્રભુભાઈ દેકાવાડીયા બન્ને રહે. દેવપર સુખપર તા. હળવદ વાળા પાસેથી કુલ ૪૬૦ કિલો ૭૦૦ ગ્રામ કોપર વાયર, કિં.રૂ.૨,૯૯,૪૫૫/-, જે સોલાર પ્લાન્ટમાંથી ચોરી કરેલ મુદામાલ કબ્જે કરી હળવદ પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# જામનગરના રાવલવાસ વિસ્તારમાં મહિલાના રહેણાંક મકાન પર એલસીબીનો દરોડોઃ ઈંગ્લિશ દારૂ પકડાયો, આરોપી મહિલા ફરાર

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના મહાકાળી સર્કલ નજીકના રાવલવાસમાં એક મહિલાના મકાનમાં એલસીબીએ પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી તલાશી લેતા ત્યાંથી ઈંગ્લીશ દારૂની નાની મોટી ૪૩ બોટલ મળી આવી હતી. બોટલ કબજે કરી એલસીબીએ આ મહિલાની શોધ આરંભી છે. જામનગરના દિગ્જામ વુલન મીલ રોડ પર મહાકાળી સર્કલ નજીક રાવલવાસમાં એક મહિલાના મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી એલસીબીના મયુરસિંહ, કાસમ બ્લોચને મળતા ઈન્ચાર્જ પીઆઈ બી.એન. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ સી.એમ. કાંટેલીયા તથા સ્ટાફે ત્યાં આવેલા સંગીતાબેન જગદીશભાઈ ગોહિલના મકાનમાં દરોડો પાડ્યો હતો.આ મકાનની તલાશી લેવાતા ત્યાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની આઠ મોટી બોટલ તથા પાંત્રીસ ચપલા મળી આવ્યા હતા. એલસીબીએ રૂ.૧૨૬૦૦નો દારૂનો જથ્થો કબજે કર્યો છે. દરોડા પહેલાં નાસી ગયેલા સંગીતાબેનની શોધ કરાઈ રહી છે.

# મુંબઈ-રાજકોટની ફ્લાઈટનાં પાયલોટ મોડા આવ્યાંઃ 3 કલાક મોડી ઉડાનથી હોબાળો

## એક સપ્તાહથી બધી જ ફ્લાઈટ કલાકો સુધી મોડી પડતાં પેસેન્જરોમાં ભારે રોષઃ ટ્વીટર પર લોકોએ રોષ ઠાલવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા એક અઠવાડિયાથી રાજકોટ થી ઓપરેટ થતી બધી જ ફ્લાઈટના સમય પત્રક વિખેરાઈ ગયા છે,આ દરમિયાન બુધવારએ ઈન્ડિગો અને એર ઈન્ડિયાની ચાર ફ્લાઈટ દોઢ થી બે કલાક મોડી હતી જેમાં મુંબઈની ઈન્ડિગોની ફ્લાઈટનાં પાયલોટ લેટ લતીફ થતા એ વિમાન ૩ કલાક મોડું હતું જેના કારણે પેસેન્જરોમાં હોબાળો મચી ગયો હતો.

૫ નવેમ્બરે ઈન્ડિગોની મુંબઈ થી રાજકોટ આવી રહેલી ફ્લાઈટ ૬૧૩૩ મુંબઈથી સવારે ૭૨૫ મિનિટે ઉપાડવાના બદલે ૧૧૨૫ કલાકે ટેક ઓફ થઈ હતી. આ ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા એક પેસેન્જર એ ટ્વિટર પર પોતાનો રોષ ઠાલવ્યો હતો. એમાં તેને ગુસ્સો ઠાલવતા કહ્યું હતું કે પાંચ નવેમ્બરે અમે બોર્ડિંગ કર્યા પછી અમને ઓપરેશનલ કારણસર ફ્લાઈટ મોડી છે તેઓ મેસેજ આવ્યો હતો. દોઢ કલાકથી અમે પ્લેનમાં બેઠા હતા ફરીથી અમને ૪૦ મિનિટ રાહ જોવા માટે કહેવામાં આવ્યું ત્યારે એર હોસ્ટેસએ અમને જાણ કરી હતી કે ફ્લાઈટના પાઈલોટ મોડા છે જેના કારણે આખી ફ્લાઈટ ટેક ઓફ થઈ શકી નથી. પાયલોટ મોડા પડતાં ૧૦૦ થી વધુ પેસેન્જર હેરાન થઈ ગયા.

# ઘોડીપાસાથી જુગાર રમતા ચાર શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ત્રણ દરવાજા વિસ્તારમાં બે જુદી જુદી શેરીમાં ઘોડીપાસા વડે જુગાર રમતા ચાર શખ્સને પોલીસે પકડી પાડ્યા હતા.જામનગરના ત્રણ દરવાજા વિસ્તારમાં આવેલી મીઠાવાળી ગલીમાં જાહેરમાં ઘોડીપાસા વડે જુગાર રમતા લખમણ સવજીભાઈ ભાગવત તથા મુસ્તાક ઉમરભાઈ નાયક નામના બે રિક્ષાચાલકને સિટી બી ડિવિઝનના સ્ટાફે પકડી પાડી ઘોડીપાસા તથા રોકડ કબજે કર્યા છે. જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે.ત્રણ દરવાજા વિસ્તારમાં જ એક શેરીમાં ઘોડીપાસાથી જુગાર રમતા નુરમામદ ઓસમાણ બ્લોચ ઉર્ફે મામુ તથા કિશન બાનાભાઈ ગડણ નામના બે શખ્સને પોલીસે પકડી લીધા હતા.

# પદ્મશ્રી જોરાવરસિંહ જાદવનું નિધન

પદ્મશ્રી જોરાવરસિંહ જાદવનું નિધન થયું છે. ૮૫ વર્ષની વયે દુનિયાને અલવિદા કહ્યું છે. પદ્મશ્રી જોરવરસિંહ દાનુભાઈ જાદવ (જન્મ ૧૦ જાન્યુઆરી ૧૯૪૦) ગુજરાતના પ્રખ્યાત લોકસાહિત્યકાર, લોકકલાના સંરક્ષક અને લોકકલા પ્રચારક છે. ગુજરાતી લોકસંસ્કૃતિને જીવંત રાખવામાં તેમનું અમૂલ્ય યોગદાન છે. વર્ષ ૨૦૧૯માં તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

પદ્મશ્રી જોરવરસિંહ જાદવના કાર્યોમાં લોકસાહિત્ય, લોકકલા અને લોકસંસ્કૃતિ પર ૯૪થી વધુ પુસ્તકોનું લેખન અને સંપાદન સામેલ છે. તેમણે ૧૯૭૮માં ગુજરાત લોક કળા ફાઉન્ડેશનની સ્થાપના કરી. જે ગુજરાત અને રાજસ્થાનના લોકકલાકારોને પ્લેટફોર્મ આપે છે અને તેમને ટેલિવિઝન, રેડિયો જેવા માધ્યમો દ્વારા પ્રસિદ્ધિ અપાવે છે.

# ''વંદે માતરમ'' ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવા પર પશ્ચિમ રેલવે, રાજકોટ રેલવે ડિવિઝનમાં સ્મરણોત્સવની ઉજવણી કરાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રગીત ''વંદે માતરમ'' ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં, સમગ્ર દેશની સાથે-સાથે પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં પણ આ ઐતિહાસિક અવસરને અત્યંત ઉત્સાહ અને શ્રદ્ધા સાથે મનાવવામાં આવ્યો.

મુખ્ય સમારોહનું આયોજન ૭ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ડિવિઝનલ રેલ મેનેજર ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજકોટ ખાતે આવેલી ડીઆરએમ ઓફિસના પ્રાંગણમાં કરવામાં આવ્યું હતું. આ અવસરે ડિવિઝનના તમામ વરિષ્ઠ રેલ અધિકારીઓ, કર્મચારીઓ અને રેલ પરિવારના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સૌએ એક સ્વરે રાષ્ટ્રગીત ''વંદે માતરમ'' નું સામૂહિક ગાન કર્યું, જેનાથી પરિસર દેશભક્તિ અને એકતાની ભાવનાથી ગુંજી ઉઠ્યું હતું.

ડિવિઝનલ રેલ મેનેજર શ્રી મીનાએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, ''વંદે માતરમ' માત્ર એક ગીત નથી, પરંતુ તે આપણી સંસ્કૃતિ, રાષ્ટ્રપ્રેમ અને માતૃભૂમિ પ્રત્યેના સમર્પણની પ્રતીક ભાવના છે. આ ગીતે સ્વતંત્રતા સંગ્રામના સમયે દેશવાસીઓમાં જોશ અને એકતાનો સંચાર કર્યો હતો અને આજે પણ આ ગીત આપણને રાષ્ટ્રહિતમાં કાર્ય કરવાની પ્રેરણા આપે છે.''

આ અવસરે ડિવિઝનના તમામ નાના-મોટા ૫૩ સ્ટેશનો જેવા કે રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દ્વારકા સહિત તમામ ઓફિસો અને ડેપોમાં પણ ''વંદે માતરમ'' ના સામૂહિક ગાનના કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા. રેલ કર્મચારીઓએ રાષ્ટ્રગીત દ્વારા પોતાની દેશભક્તિ, એકતા અને સાંસ્કૃતિક વારસા પ્રત્યેના સન્માનને વ્યક્ત કર્યું.

આ કાર્યક્રમ રાજકોટ ડિવિઝન માટે ગૌરવપૂર્ણ રહ્યો અને તેણે સૌમાં રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવી.

રાજકોટ ડિવિઝનના વિવિધ રેલવે સ્ટેશનો પર ઓડિયો સંદેશાઓ અને વિશેષ ઘોષણાઓ પ્રસારિત કરવામાં આવી રહી છે, સાથે જ સ્ટેશનો પર લાગેલા એલઈડી ડિસ્પ્લે દ્વારા પણ ''વંદે માતરમ'' સંબંધિત માહિતી આજથી આખા વર્ષ દરમિયાન પ્રદર્શિત કરવામાં આવશે.

## ૯ નવેમ્બરના વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટેકનિકલ કારણોસર, ૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ડેમુ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે. (૧) ટ્રેન નંબર ૭૯૪૫૨ મોરબી-વાંકાનેર, (૨) ટ્રેન નંબર ૭૯૪૪૨ મોરબી-વાંકાનેર, (૩) ટ્રેન નંબર ૭૯૪૫૪ મોરબી-વાંકાનેર, (૪) ટ્રેન નંબર ૭૯૪૪૪ મોરબી-વાંકાનેર, (૫) ટ્રેન નંબર ૭૯૪૪૬ મોરબી-વાંકાનેર, (૬) ટ્રેન નંબર ૭૯૪૪૮ મોરબી-વાંકાનેર, (૭) ટ્રેન નંબર ૭૯૪૪૧ વાંકાનેર-મોરબી, (૮) ટ્રેન નંબર ૭૯૪૪૩ વાંકાનેર-મોરબી, (૯) ટ્રેન નંબર ૭૯૪૫૩ વાંકાનેર-મોરબી, (૧૦) ટ્રેન નંબર ૭૯૪૪૫ વાંકાનેર-મોરબી, (૧૧) ટ્રેન નંબર ૭૯૪૪૭ વાંકાનેર-મોરબી, (૧૨) ટ્રેન નંબર ૭૯૪૫૧ વાંકાનેર-મોરબી. રેલ યાત્રીઓને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

## રાજકોટ ખાતે 'વંદે માતરમ' ગાનની ઉજવણી સાથે સ્વદેશી અપનાવોના શપથ લેવાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત 'વંદે માતરમ' ગાનની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજકોટની તમામ સરકારી કચેરીઓ ખાતે સમૂહ ગાન અને સ્વદેશી અપનાવો શપથ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડાસીયા, નાયબ માહિતી નિયામક પ્રશાંત ત્રિવેદી, સહાયક માહિતી નિયામક સર્વે સોનલબેન જોશીપુરા, રાધિકાબેન વ્યાસ, પ્રિયંકાબેન પરમાર, રજાકભાઈ ડેલા સહીત કર્મચારીઓએ 'વંદે માતરમ' સમૂહ ગાનમાં ભાગ લીધો હતો. ત્યારબાદ સ્વદેશી અપનાવો શપથ લઈ સ્થાનિક કારીગરો, ઉદ્યોગ, ભાષા, પર્યટનને અગ્રતા આપવા સંકલ્પબદ્ધ થયા હતાં.

## શહેરમાં કટારીયા ચોકડી ખાતે બ્રિજ બનાવવાના કામને પગલે ગોંડલ રોડ તથા જામનગર રોડ તરફના માર્ગોમાં વાહનો માટે ટ્રાફિક ડાઈવર્ઝન રૂટ અમલમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં કટારીયા ચોકડી વિસ્તારમાં બ્રિજ બનાવવાના કામને પગલે ગોંડલ રોડ તથા જામનગર રોડ તરફના માર્ગોમાં ટ્રાફિક ડાઈવર્ઝન રૂટ અમલમાં મુકવામાં આવ્યો છે. બ્રિજના બાંધકામના કામને કારણે કટારીયા ચોકડી ખાતે ગોંડલ રોડ થી જામનગર રોડ તરફ તથા જામનગર રોડ થી ગોંડલ રોડ તરફ જતો રીંગ રોડ હાલ પૂરતો બંધ રાખવામાં આવ્યો છે.

ટ્રાફિકની સુગમતા જળવાઈ રહે તે માટે બંને દિશાના વાહનો માટે ડાઈવર્ઝન રૂટ શરૂ કરેલ છે, જે મુજબ વાહનોને વૈકલ્પિક માર્ગ દ્વારા પસાર થવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે સાથે કાલાવડ રોડ થી મેટોડા જતો માર્ગ હાલ પૂરતો ચાલુ રાખવામાં આવ્યો છે, જેથી તે દિશામાં આવતા-જતા વાહન ચાલકોને મુશ્કેલી ન પડે.

૧૫૦ ફુટ રીંગ રોડ-૨, ગોંડલ ચોકડી થી જામનગર રોડ તરફ જવા માટેઃ- (લંબાઈ - ૧૧૫૦ મીટર પહોળાઈ - ૧૮.૦૦ મીટર) (ભારે વાહનો માટે)

એકવાકોરલ થી પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ થી જીનીયશ સ્કુલ થી કાલાવડ રોડ થી કોસ્મોપ્લેક્ષ સિનેમા પહેલા સેરેનીટી ગાર્ડનવાળા રસ્તા થી કોનપ્લેક્ષ સિનેમા થઇ ૧૫૦ ફુટ રીંગ રોડ-૨.

૧૫૦ ફુટ રીંગ રોડ-૨, જામનગર રોડ થી ગોંડલ રોડ તરફ જવા માટેઃ- (લંબાઈ-૬૫૦.૦૦ મીટર પહોળાઈ-૧૮.૦૦ મીટર)

૧૫૦ ફુટ રીંગ રોડ-૨ થઇ એલેકઝીર રોડ થી ગ્રીન ફિલ્ડ ગાર્ડનવાળા રસ્તા થી કાલાવડ રોડ થી કોરાટવાડી મેઈન રોડ ધ વાઈબ રોડ - ૧૫૦ ફુટ રીંગ રોડ -૨.

૧૫૦ ફુટ રીંગ રોડ-૨ જામનગર રોડ થી કાલાવડ રોડ થી ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ ગોંડલ રોડ તરફ (લંબાઈ - ૧૬૦૦.૦૦ મીટર પહોળાઈ મીટર ૨૪.૦૦ મીટર)

(આવવા તથા જવા માટે) - (ભારે તથા ઈન્ડસ્ટ્રીયલ વાહન માટે) ૧૫૦ ફુટ રીંગ રોડ-૨ થી રત્નવિલાસ પેલેસવાળા રસ્તા થઇ કાલાવડ રોડ - કણકોટ ચોકડી થી વિર-વિરૂ તળાવ ૨૪.૦૦ મીટરવાળા રસ્તે થઇ ૧૫૦ ફુટ રીંગ રોડ-૨.

નગરજનોને વિનંતી છે કે તેઓ આ તાત્કાલિક ડાઈવર્ઝન વ્યવસ્થાનો અમલ કરી, ટ્રાફિક વિભાગ તથા રાજકોટ મહાનગરપાલિકાના માર્ગદર્શન મુજબ વાહન વ્યવહાર રાખે અને સહકાર આપે. નાગરિકોની સુરક્ષા અને સુવિધા માટે કરવામાં આવતી કામગીરીમાં સહયોગ આપવા વિનંતી.

## મોરબીમાં દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતીના પ્રસંગે ભક્તિ, જ્ઞાન અને ઉત્સવનો અપૂર્વ સંગમ

''જોવા જેવી દુનિયા'' જ્ઞાનવિધિ, સત્સંગ અને સંસ્કારયુક્ત કાર્યક્રમોથી મોરબીમાં સર્જાયો આધ્યાત્મિક મહાકુંભ, પ્રતિદિન હજારો લોકો અનુભવે છે નવી પ્રેરણા





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતી મહોત્સવના ચોથા દિવસે મોરબીમાં ઉત્સવનો માહોલ છવાઈ ગયો. ''જોવા જેવી દુનિયા'' પ્રદર્શનને મળેલા ઊર્જાસભર પ્રતિસાદથી લઈને લોકગાયક ઓસ્માણ મીરની ભક્તિ, ૩,૫૦૦ લોકો દ્વારા જ્ઞાનવિધિનો લાભ અને પૂજ્ય દીપકભાઈના જ્ઞાનપૂર્ણ સત્સંગોથી સમગ્ર મહોત્સવ ભવ્ય બન્યો હતો. રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતીયાએ મોરબીજનોને આ અવસરનો પૂર્ણ લાભ લેવા વિનંતી કરી છે. દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતી મહોત્સવનો ચોથો દિવસ જ્ઞાન, ભક્તિ, સંસ્કાર અને આનંદનું મિશ્રણ બની રહ્યો હતો. મોરબી જેવા શહેરમાં આધ્યાત્મિક મહાકુંભનું આયોજન સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયક ક્ષણો સર્જી રહ્યું છે.

મોરબીમાં ઉત્સવનો મહિમા, ચોથો દિવસ અનોખું તેજ લઈને આવ્યું. પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતી મહોત્સવ મોરબીમાં ધૂમધામથી ચાલી રહ્યો છે. ૬ નવેમ્બર ૨૦૨૫નો દિવસ ''આધ્યાત્મિકતા, અનુભૂતિ અને જ્ઞાનનો ઉત્સવ'' બની રહ્યો હતો. મોરબીના રવાપુર-ઘુનડા રોડ પર હજારો લોકો ભક્તિમય વાતાવરણમાં ઉમટી પડ્યા હતા. ''જોવા જેવી દુનિયા'' સમાજને સંસ્કાર આપતું પ્રદર્શન છે. મુલાકાતીઓએ સમૂહ પ્રતિભાવ આપ્યો કે આ માત્ર પ્રદર્શન નથી, પરંતુ સમાજના સુધારા અને બાળકોને સારા સંસ્કાર આપવા દાદા પરિવારનો વિશેષ પ્રયત્ન છે. ફૂડ કોર્ટમાં લાઈવ રસોઈ અને અભૂતપૂર્વ ચોખ્ખાઈ, સુંદર ઓર્ગેનાઈઝેશન, વિશાળ પાર્કિંગ અને બાળકો માટેનું મનોહર આયોજન, આધુનિક ટેકનોલોજી દ્વારા સંસ્કાર સમજાવતી અનોખી થીમ, ''અહીંથી મનોરંજન નહિ પરંતુ આત્મબળ, મૂલ્ય અને નવી વિચારસરણી મળે છે'' એવું દર્શકોનું મંતવ્ય હતું.

આ ઉપરાંત મંચ પર ભક્તિગાન કરતા લોકપ્રિય ગાયક ઓસ્માણ મીરે ભાવુક બની જણાવ્યું કે, ''પૂજ્ય નીરુમા અને પૂજ્ય દીપકભાઈના સત્સંગોમાંથી વર્ષો સુધી પ્રેરણા લીધી. આજે તેમની સામે બેસીને ગાવાનો મોકો મળ્યો, એ મારા જીવનની યાદગાર ક્ષણ છે.'' બીજીબાજુ જ્ઞાનવિધિ બે કલાકની અંદર હું કોણ છું?નો અનુભૂતિમય પ્રવાસમાં, ૫ નવેમ્બરના રોજ યોજાયેલી ખાસ જ્ઞાનવિધિમાં લગભગ ૩,૫૦૦થી વધુ લોકોએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. શ્રીમદ રાજચંદ્રજીની જન્મભૂમિ મોરબીમાં આ જ્ઞાનવિધિને ''અપૂર્વ અવસર'' ગણાવ્યો હતો. રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ મોરબીની માટીને ''ભાગ્યશાળી'' ગણાવી અને કહ્યું કે, ''પૂજ્ય દીપકભાઈને મળવાનો, પ્રશ્ન પૂછવાનો અવસર દુર્લભ છે. મોરબીજનો એક વાર નહીં, વારંવાર સમય કાઢીને અહીં આવે.''

## આજે રાજ્યની તમામ સરકારી કચેરીઓ સવારે ૯.30થી સાંજે ૫.૧૦ સુધી ખુલ્લી રહેશે

રાષ્ટ્ર ગાન વંદે માતરમની રચનાના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે સામુહિક ગાન થશે, સ્વદેશીના શપથ લેવાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સન ૧૮૭૫ની ૭ નવેમ્બરે રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન રાષ્ટ્રીય ગીત વંદે માતરમએ દેશવાસીઓમાં રાષ્ટ્ર ચેતના પ્રગટાવી હતી અને દેશવાસીઓને માતૃભૂમિના ગૌરવની એકસૂત્રતામાં બાંધ્યા હતા. ૭મી નવેમ્બર ૨૦૨૫ના રોજ તેને ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે ગુજરાત સરકાર દ્વારા તેની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં રાજ્યની સરકારી કચેરીઓમાં વંદે માતરમનું સમૂહ ગાન થશે તથા સ્વદેશીના શપથ લેવાશે.

૭મી નવેમ્બરે રાજ્યની તમામ સરકારી કચેરીઓનો સમય સવારે ૧૦.૩૦થી સાંજે ૬.૧૦ના બદલે સવારે ૯.૩૦થી સાંજે ૫.૧૦ સુધીનો રહેશે.

વંદે માતરમ૧૫૦ની ઉજવણીનો મુખ્ય કાર્યક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સચિવાલય, વિધાનસભા પરિસર ખાતે યોજાશે. જ્યારે પ્રભારી મંત્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લા મુખ્ય મથક ખાતે, જિલ્લા પંચાયત પ્રમુખની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત ખાતે તથા મેયર ની ઉપસ્થિતિમાં મહાનગર પાલિકાઓ ખાતે, જિલ્લા પોલીસ વડાની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે, નગરપાલિકા પ્રમુખની ઉપસ્થિતિમાં તમામ નગરપાલિકાઓ ખાતે વંદે માતરમનું મૂળ સ્વરૂપમાં સમુહગાન કરવામાં આવશે. તથા સ્વદેશી અપનાવવા અને તેને પ્રોત્સાહન આપવા અંગેના શપથ લેવામાં આવશે.

## માળીયા(મી) પોલીસે નવાગામમાં ત્રણ સ્થળો પર દરોડા પાડી ૨૩૫૦ લીટર ઠંડો આથો જપ્ત કર્યો, આરોપીઓ ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસે તાલુકાના નવાગામમાં અલગ-અલગ સ્થળોએ દેશી દારૂ અંગે ત્રણ રેઈડ કરી કુલ ૨૩૫૦ લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો જપ્ત કર્યો હતો. ત્રણેય દરોડામાં આરોપીઓ સ્થળ પર હાજર નહિ મળી આવતા તેઓને પોલીસે ફરાર જાહેર કરી, આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

માળીયા(મી) પોલીસે નવાગામ ગામમાં દેશી દારૂ બનાવવાના કાળા કારોબાર અંગેની મળેલ બાતમીને આધારે ત્રણ અલગ અલગ સ્થળે રેઈડ કરીને મોટી માત્રામાં ઠંડો આથો કબજે કર્યો હતો. પોલીસને વિવિધ સ્થળોથી મોટા બેરલોમાં ભરેલો દેશી દારૂ બનાવવાનો આથો મળી આવ્યો હતો, પરંતુ ત્રણેય સ્થળોએ આરોપીઓ હાજર ન મળી આવતા ફરાર જાહેર કરવામાં આવ્યા છે.

જે અંગેની પ્રથમ રેઈડમાં નવાગામના જેડાવાસ વિસ્તારમાં ખરાબા વાળી જગ્યામાંથી ૨૦૦ લીટરના ક્ષમતાનાં ૫ બેરલમાંથી આશરે ૧૦૦૦ લીટર આથો, કિંમત રૂ. ૨૫,૦૦૦ જપ્ત કર્યો હતો. આ કેસમાં અનવરભાઈ હાજીભાઈ જેડા વિરુદ્ધ ગુનો નોંધાયો છે. જ્યારે બીજી રેઈડ સ્મશાન પાસે બાવળની કાંટમાં કરવામાં આવી હતી, જ્યાંથી નાના-મોટા ૭ બેરલમાં ભરેલો આશરે ૮૦૦ લીટર આથો, કિંમત રૂ.૨૦ હજારબમળી આવ્યો. આ કેસમાં તાજમામદભાઈ રહીમભાઈ માલાણી સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કર્યો છે. આ ઉપરાંત ત્રીજી રેઈડ પણ નવાગામના સ્મશાન બાજુના બાવળના ઝાડોમાં કરવામાં આવી હતી, જ્યાંથી ૫-બેરલમાંથી ૫૫૦ લીટર આથો, કિંમત રૂ.૧૩,૭૫૦/- મળી આવ્યો હતો. આ કેસમાં ગફુરભાઈ ઈશાભાઈ જામ વિરુદ્ધ ગુનો નોંધાયો છે. આ સાથે ત્રણેય દરોડામાં હાજર નહીં મળી આવેલ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ માળીયા(મી) પોલીસે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીનું સારવારમાં મોત

મોરબી સીવીલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૪૫ વર્ષીય આધેડનું મૃત્યુ નિપજતા, પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે. મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં રહેતા ગૌતમભાઇ ઉગાભાઇ ગોહીલ ઉવ.૪૫ નામના આધેડ ગઈકાલ તા.૦૬/૧૧ના રોજ કોઈ બીમારી સબબ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયા હતા ત્યારે સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. જેથી પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ સ્થળ ઉપર પહોંચી મૃત્યુ અંગે પ્રાથમિક તપાસ હાથ ધરી અ.મોતની નોંધ કરી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

## હળવદના ત્રણ રસ્તા નજીક દારૂના ૪૫૬ નંગ ચપલા સાથે બે ઝડપાયા

હળવદ પોલીસે ટાઉન વિસ્તારમાં બાયપાસ ત્રણ રસ્તા નજીકથી વિદેશી દારૂની ૧૮૦મીલી.ની ૪૫૬ નંગ બોટલ સાથે બે ઇસમોને ઝડપી લેવામાં આવ્યા હતા. હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વિદેશી દારૂનો માલ મંગાવનાર ધનજીભાઇ રમેશભાઇ ઇટોદરા ઉવ.૨૧ રહે. ગામ ટીકર રણ તા.હળવદ વાળાને તેમજ દારૂ લઈ આવનાર આરોપી રીતેશ દુલજીભાઇ વાંગરીયાભાઇ ભીલ ઉવ.૨૪ રહે.ગામ ખડલા ચાપડા ફળીયુ તા.કવાંટ જી.છોટાઉદેપુર વાળા એમ બંનેને પોલીસે વિદેશી દારૂની ૧૮૦મીલી.ની ૪૫૬ નંગ બોટલ કિ.રૂ.૬૫,૪૨૪/- સાથે પકડી લેવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબી ઉમા સંસ્કારધામનો પ્રથમ પાટોત્સવ અને સ્નેહમિલન સમારોહ સંપન્ન

યજ્ઞ, ભજન-ગરબા, સ્નેહમિલન, સેવાકીય પ્રકલ્પોની જાહેરાત અને ઉમા સંસ્કાર દર્શન અંક વિમોચન સાથે મોરબીમાં સેવાભાવ અને સંસ્કારનો મહોત્સવ






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ઉમા સંસ્કાર ધામ ખાતે પ્રથમ પાટોત્સવ ભવ્ય કાર્યક્રમોની ઉજવણી સાથે પૂર્ણ થયો હતો. ૧૧ અગિયાર કુંડી હવન, ૧૦૦૦થી વધુ બહેનો દ્વારા આનંદનો ગરબો, મોટા પાયે સ્નેહમિલન, સેવાકીય પ્રકલ્પોની વિગત રજૂઆત, ''ઉમા સંસ્કાર દર્શન'' ત્રિમાસિક અંક વિમોચન, રાજ્ય મંત્રી કાંતિભાઈ અમૃતિયાનું સન્માન અને રાસ-ગરબાની રમઝટ એમ સમગ્ર દિવસમાં ઉત્સવી માહોલ છવાયો હતો. સમાજની અનેક પ્રતિભાઓ, દાતાઓ અને અગ્રણીઓની હાજરીમાં કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

મોરબી જીલ્લા કડવા પાટીદાર સમાજ દ્વારા સંચાલિત ઉમા સંસ્કાર ધામના પ્રથમ પાટોત્સવ અને સ્નેહમિલન સમારોહનું ભવ્ય આયોજન રાજકોટ હાઈવે પર સ્થિત આ ભવ્ય સંસ્કારધામ ખાતે કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન અનેક સેવાકીય, ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ માટે ઓળખાયેલી આ સંસ્થા દ્વારા પ્રથમ પાટોત્સવને સમાજના ઉત્સવમાં પરિવર્તિત કરવામાં આવ્યો હતો.

આ પાટોત્સવના પ્રારંભમાં પ્રભાતે સવારે ૮થી ૧૧ વાગ્યા સુધી અગિયાર કુંડી હવન-જપ-તપ યજ્ઞ યોજાયો હતો. મોટી સંખ્યામાં કડવા પાટીદાર પરિવારો યજ્ઞમાં જોડાયા અને સમગ્ર પરિસરમાં આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો. બપોરે ૨થી સાંજે ૫ વાગ્યા સુધી ૧૦૦૦ જેટલી બહેનોએ આનંદનો ગરબો ગાયો હતો. સાંજે ૫ વાગ્યે સ્નેહમિલન કાર્યક્રમમાં સમાજ આગળ વધારતા અનેક મુકામોની વિગત રજૂ કરવામાં આવી હતી. ઉમા આદર્શ લગ્ન યોજનામાં પ્રથમ વર્ષમાં જ ૩૮૯ લગ્ન સફળતાપૂર્વક યોજાયા હતા. ઉમા હોલમાં ૨૬૭ પ્રસંગોમાં લગ્નો, રાંદલ ઉત્સવ વગેરેની આવક આદર્શ લગ્નમાં વપરાય છે. ૩૬ રૂમનું આધુનિક એસી ગેસ્ટહાઉસ, ઉમા મેડિકલ સ્ટોર- રાહતદરે દવાઓ, ઉમા લેબોરેટરી- નીચી કિંમતે રિપોર્ટ સુવિધા, ઉમા ક્લિનિક- રાહતદરે સારવાર. કોરોના કાળ દરમિયાન ૨૦૦૦ જેટલા દર્દીઓની સેવા, અમદાવાદમાં ૧૪૪ દીકરીઓ માટે સુરક્ષિત, આધુનિક હોસ્ટેલ. આ સિવાય જલ્દી જ ૭૦૦ વિદ્યાર્થીઓ માટે ભવ્ય છાત્રાલયનું નિર્માણ કરવામાં આવશે.

આ ભવ્ય પટોત્સવમાં સિદસર ઉમિયા ધામ, અમદાવાદ સહિત અખિલ ભારતીય પાટીદાર સમાજના અગ્રણીઓ, સિરામિક એસોસિએશનના પ્રતિનિધિઓ, સમાજના દાતાઓ, યુવાનો અને મોટી સંખ્યામાં પરિવારોએ ઉપસ્થિતિ આપી હતી. બેચરભાઈ હોથી, ત્રમ્બકભાઈ ફેફર, દિનેશભાઈ વડસોલા, જેરામભાઈ વાંસજાળિયા, જયસુખભાઈ પટેલ, પ્રકાશભાઈ વરમોરા સહિત અનેક અગ્રણીઓએ સેવાકીય કાર્યોની રૂપરેખા રજૂ કરી હતી. સ્નેહમિલન બાદ મહાપ્રસાદનું આયોજન અને રાત્રે રાસ-ગરબાની રમઝટ સાથે સમગ્ર સમારોહ આનંદમય વાતાવરણમાં પૂર્ણ કરવામાં આવ્યો હતો. સંપૂર્ણ આયોજન માટે બેચરભાઈ હોથી(પ્રમુખ), ત્રમ્બકભાઈ ફેફર (ઉપપ્રમુખ), એ.કે. પટેલ, અરુણભાઈ વિડજા, દિનેશભાઈ વડસોલા અને એમ.વી. દલસાણીયા સહિતની ટીમે આયોજનને સફળ બવનવવા જહેમત ઉઠાવી હતી.

## મનપા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૦૩૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**




રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૦૬/૧૧/૨૦૨૫ એમ કુલ ૦૧ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૦૬/૧૧/૨૦૨૫ એમ કુલ ૦૧ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી ૩૨.૮૮૦ કિગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી કુલ ૧૮૮ આસામીઓ પાસેથી રૂ ૬૦૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઇન્પેક્ટર/ સેનેટરી સબ ઇન્પેના કટર દ્વારા કરવામાં આવેલ.

## હઝરત ખ્વાજા સાહેબ લોકમેળાના આયોજન માટે મેદાન ભાડે આપવા તા.૧૦ નવેમ્બરે પુન હરરાજી યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના સકુરા નદીના મેદાન ખાતે તા. ૨૦/૧૧/૨૦૨૫ થી તા.૨૪/૧૧/૨૦૨૫ સુધી પાંચ દિવસ હઝરત ખ્વાજા સાહેબ લોકમેળાનું આયોજન કરવામાં આવશે. આ મેળામાં વિવિધ સ્ટોલ માટે મેદાન ભાડે આપવા અંગે બે વખત અખબારોમાં તથા બહોળા પ્રમાણમાં પ્રસિધ્ધિ આપવા છતાં અપસેટ કિંમત રૂ.૧૦,૧૭,૫૦૦/-થી ઓછા ભાવો રજુ થયેલ હોવાથી કમિટી દ્વારા નિર્ણય કરીને તા.૧૦/૧૧/૨૦૨૫ના રોજ ધોરાજીની મામલતદાર કચેરી ખાતે પુન હરરાજીનું આયોજન કરાશે.

આ હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઇસમોએ રૂ.૧,૦૧,૭૫૦/- ડિપોઝીટ પેટે ભરવાના રહેશે. તેમ ધોરાજી મામલતદારની યાદીમાં જણાવાયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આકાશવાણી ચોક પાસે શ્વાને ફાડી ખાધેલ મૃતક નવજાત શિશુ મળી આવ્યું

## અવાવરું જગ્યામાં નવજાત શિશુને ત્યજી દેનાર માતાની શોધખોળઃ શિશુનો જમણો પગ કપાયેલ, ચહેરા અને હાથ ઉપર ઈજાના નિશાન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આકાશવાણી ચોક પાસેથી એક નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ હતી. શિશુનો જમણો પગ કપાયેલ, ચહેરા અને હાથ ઉપર ઈજાના નિશાન, શ્વાને પગ કાપી નાખ્યો હોવાની શક્યતા છે.

અવાવરું જગ્યામાં નવજાત શિશુને ત્યજી દેનાર માતાની શોધખોળ પોલીસે હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર,ગઈકાલે સાંજે શહેરના આકાશવાણી ચોકમાં શહીદ ભગતસિંહજી ગાર્ડન નજીક, આવાસ યોજનાના ક્વાર્ટરની પાછળ, અવાવરું જગ્યાએ નવજાત શિશુ બેભાન હાલતમાં મળી આવેલ.

શિશુનો જમણો પગ કપાયેલ હતો. ચહેરા પર, હાથ ઉપર અને શરીરના અન્ય ભાગો પર ઈજાના નિશાન હતા. જાગૃત નાગરિકને ધ્યાને આ બાળક આવતા તુરંત ૧૦૮માં જાણ કરી હતી. ૧૦૮ના ઈએમટી મહેશભાઈ એમ્બયુન્સ સાથે આવી પહોંચ્યા હતા. આ તરફ યુનિવર્સીટી પોલીસની ટીમ પણ પહોંચી ગઈ હતી. બાળકે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડતા ડોકટરે જોઈ તપાસી મૃત જાહેર કરેલ. મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવેલ હતો.

પોલીસ સૂત્રોનું માનીએ તો, નવજાત શિશુ તાજુ જન્મેલું જણાય છે. કોઈ અજાણી માતાએ પુત્રને જન્મ આપી ત્યજી દેતાં બાળકને શ્વાને ફાડી ખાધું હોય, એવું અનુમાન છે. પોલીસે ઘટનાસ્થળ આસપાસ તપાસ કરી હતી.

પણ કોઈ પણ સીસીટીવી કેમેરા મળી આવ્યા નહોતા. જેથી તપાસ યથાવત રાખી છે. પોલીસ હાલ બાળકને જન્મ આપનાર માતાની શોધખોળ કરી રહી છે. વિસ્તાર આસપાસ રહેતી સગર્ભાઓ અંગે પુછપરછ કરી રહી છે.

ઉપરાંત જન્મની યાદી મેળવી, આ વિસ્તારમાં ૨-૩ દિવસમાં જે પણ માતાએ બાળક(પુત્ર)ને જન્મ આપ્યો હોય, તેમની તપાસ કરશે. જોકે એવી શંકા છે કે, કોઈ કુંવારી સગીરા કે યુવતી માતા બની હોય, અને સમાજના ડરે આ છુપાવવા બાળકને તરછોડી દીધું હોય તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે. ગઈકાલે પોલીસે મૃત્યુ નોંધ રજીસ્ટ્રર કરી આગામી સમયમાં ગુનો દાખલ કરવા તજવીજ કરાઈ રહી છે.

## વિજય પ્લોટમાં ૩ શખ્સોનો રેલનગરના ગરાસીયા યુવાન પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેલનગરમાં આવેલ આનંદ સ્કૂલની પાછળ રહેતો વિજયરાજસિંહ સિધ્ધરાજસિંહ જાડેજા તેના મીત્ર લક્કીરાજસિંહ તથા દેવરાજસિંહ સાથે વિજય પ્લોટ શેરી નં.૨૨માં ઠાકર ટી સ્ટોલ નામની દુકાન સામે હતો ત્યારે અગાઉ આપેલ ઉછીના પૈસા પરત લેવા બાબતે હાર્દિકસિંહ જાડેજા, મેઘરાજસિંહ જાડેજા અને મનદીપસિંહ જાડેજા નામના ત્રણ શખ્સોએ ઝઘડો કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી લોખંડના પાઇપ વડે હુમલો કરી માથામાં ગંભીર ઈજા કરી નાસી ગયા હતા. બનાવના પગલે યુવાનને સારવારમાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યા બાદ ભક્તિનગર પોલીસમાં જાણ કરવામાં આવતા હેડ કોન્સ. વાય.ડી. મકવાણા સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી જઇ યુવાનની ફરીયાદ નોંધી હુમલા ખોરોની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# રજપૂતપરામાં ખોડિયાર ટ્રાન્સપોર્ટની ઓફિસમાંથી રૂ.૨.૨૫ લાખના મેટલ ભંગારની ચોરી

### લોધેશ્વર સોસાયટીમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયાઃ એક ફરાર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રજપૂતપરામાં આવેલ ગરાસીયા બોઇઝ ઓસ્ટેલની સામે ટ્રાન્સપોર્ટની ઓફિસમાંથી કોઇ અજાણ્યા શખ્સો રૂ.૨.૨૫ લાખની કિંમતનો મેટલનો ભંગાર ચોરી કરી જતા એ ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ પર કોસમોપ્લેકસની પાછળ સેરેનીટી ગાર્ડનમાં રહેતા અને રજપૂતપરા શેરી નં.૫માં ગરાસીયા બોઇઝ ઓસ્ટેલની સામે ખોડિયાર ટ્રાન્સપોર્ટ કંપનીની ઓફિસ ચલાવતા રાજદિપસિંહ ઇન્દ્રજીતસિંહ જાડેજા નામના ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ એ ડિવિઝન પોલીસમાં અજાણ્યા ચોર ઇશ્મો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇ તા.૨૮-૧૦ થી ૩૧-૧૦ના સમયગાળા દરમ્યાન રાત્રીના તસ્કરોએ ઓફિસમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઓફિસમાં રાખેલ ગન મેટલનો ભંગાર કિંમત રૂ.૨.૨૫ લાખનો ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પીએસઆઇ એમ.આર.મકવાણા સહિતના સ્ટાફે તપાસ શરૂ કરી છે.

જયારે બીજા એક બનાવમાં માલવીયાનગર પોલીસ મથકના પીએસઆઇ ડી.એમ.ગજેરા, હેડ કોન્સ. ચિત્રકેતુસિંહ ઝાલા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે પીડીએમ કોલેજની પાછળ આવેલ લોધેશ્વર સોસાયટી શેરી નં.૫માં રહેતો હેરશ વાસુ કારેલીયા નામના લોધા શખ્સના રહેણાંક મકાનમાં દરોડો પાડતા જુગાર રમતો હરેશ કારેલીયા, ધવલ વિનોદ કારેલીયા, વિશાલ મનસુખ સરવૈયા, સંજય શાંતિલાલ જરીયા, રવિ અશોક જરીયા, જયેશ રાજેશ જરીયા સહિતના છ શખ્સોની ધરપકડ કરી હતી. જયારે પોલીસને જોઇ સતીષ જોરૂસિંગ કારેલીયા નામનો શખ્સ નાસી ગયો હતો. પોલીસે જુગારના પટમાંથી રોકડા રૂ.૧૧૭૦૦નો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલા શખ્સની શોધખોળ શરૂ કરી છે.

# મહીલા કોલેજ અંડરબ્રિજમાં બાઇક ડિવાઇડર સાથે અથડાતા ત્રણ યુવાનો ઘવાયા

### ૧૦૮ દ્વારા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર અંડર બ્રિજ પાસે ગઇકાલે રાત્રીનાં એકાદ વાગ્યે અકસ્માત સર્જાતા ત્રણ યુવાનો ગંભીર હાલતમા રસ્તા પર ફંગોળાયા હતા. અને તેઓને ૧૦૮ મારફત સિવીલ હોસ્પીટલે સારવાર માટે

ખસેડવામા આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા માલવીયા નગર પોલીસ મથકનો સ્ટાફ તુરંત હોસ્પીટલે પહોંચી ગયો હતો અને ઘવાયેલા યુવાનોની ઓળખ મેળવવા તજવીજ શરુ કરતા ત્રણેયનાં અનુક્રમે નામ સાધુ વાસવાણી રોડ ગુરૂજીનગરનાં કવાટરમા રહેતા યુવરાજ પરપોતમભાઈ પરમાર (ઉ.વ. ૧૮), વિવેક રાજુભાઈ બારૈયા (ઉ. વ. ૧૭ ) અને મેટોડા ગેઈટ નં ૧ બુધવારી બજાર પાસે રહેતા મુળજીભાઈ મરમાર (ઉ.વ. ૩૦) હોવાનુ જાણવા મળ્યુ હતુ. આ ઘટનામા યુવરાજ બે ભાઈમા મોટો અને તેમનાં પિતા પલ્મબર કામ કરે છે અને પોતે મજુરી કામ કરી પરીવારને મદદરૂપ થાય છે. વિવેક બે ભાઈ ત્રણ બહેનમા બીજા નંબરનો અને તેનાં પિતા ડ્રાઈવીંગ કામ કરે છે. તેમજ રોહીત પરમાર બે ભાઈ એક બહેનમા સૌથી નાનો છે અને પોતે મજુરી કામ કરી પરીવારને મદદરૂપ થાય છે. આ ઘટનામા પરીવારજનોની પુછપરછ દરમ્યાન જાણવા મળ્યુ હતુ કે ત્રણેય મિત્રો રાત્રીનાં સમયે નાસ્તો લઈને પોતાનાં ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે ત્રીપલ સવારી બાઇક અચાનક ડીવાઈડર સાથે અથડાતા ત્રણેય મિત્રો રસ્તા પર ફંગોળાયા હતા અને ત્રણેયને માથે અને શરીરે ગંભીર ઈજાઓ થઇ હતી .ત્રણેય યુવાનો બેભાન હોય જેથી પોલીસ દ્વારા નિવેદન લઇ શકાયુ નથી. તેવુ સુત્રોમાથી જાણવા મળી રહયુ રહયુ છે.

# રૈયારોડ જે.કે.પાર્કમાં સ્કૂટી સ્લીપ થતાં વૃધ્ધનું મોત

### પડધરી તલાટી મંત્રીના પિતા શાકભાજી લઈને પરત ફરી રહ્યા ત્યારે બની ઘટના, પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહરેના રૈયારોડ જે.કે પાર્કમાં રહેતા પડધરીના તલાટી મંત્રીના ૬૭ વર્ષીય વૃધ્ધ પિતા શાકભાજી લઈને ઘરે પરત ફરી રહ્યા હોય દરમિયાન ઘર નજીક સ્કૂટી સ્લીપ થતાં ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ઈમરજન્સી વિભાગના તબીબે વૃધ્ધને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવની વિગતો મુજબ, રૈયારોડ પર આલાપ ગ્રીન સીટી પાછળ જે.કે. પાર્કમાં રહેતા ગિરીશચંદ્ર મગનલાલ દવે (ઉ.વ.૬૭)બપોરે ૧૨.૩૦ વાગ્યા આસપાસ માર્કેટમાંથી શાકભાજી લઈને સ્કૂટી પર પરત ફરી રહ્યા હતા ત્યારે ઘર પાસે જ કોઈ કારણસર તેઓનું સ્કૂટી સ્લીપ થઈ જતાં ગીરીશભાઈને માથે શરીરે ગંભીર ઈજા પોહચી હતી.

બનાવને પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા અને તેઓના ઘરે જાણ કરતા પુત્ર રોહિતભાઈ પોતાની કારમાં ગિરીશભાઈને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવેલ અહીં ઈમરજન્સી વિભાગના તબીબે ગિરીશભાઈને મૃત જાહેર કરી બનાવ અંગે પોલીસને જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતા યુનિવર્સી ટી પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી મૃતદેહનું પી.એમ કરાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પરિવારના જણાવ્યા મુજબ, મૃતક ગિરિશભાઈ બહુમાળી ભવનના નિવૃત કર્મચારી હતા. સવારે ઘરેથી બટેટા લેવા જવાનું કહી નીકળા હતા. પોતે ત્રણ ભાઈ એક બહેનમાં નાના હતા. સંતાનમાં પુત્ર રોહિતભાઈ પડધરી ગામે તલાટી તરીકે ફરજ બજાવે છે. ગિરિશભાઈના મોતથી પરિવારમાં ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો છે.

# લાલબહાદુર ટાઉનશીપ પાસે ૫૫ હજારના ગાંજા સાથે ત્રણ શખ્સોની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં આવેલ લાલબહાદુર ટાઉનશીપ પાસે પેટ્રોલિંગ દરમ્યાન પ્ર.નગર પોલીસે ત્રણ શખ્સોની રૂ.૫૫ હજારના ગાંજા સાથે ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

આ બનાવની પોલીસમાંથી જાણવા મળતી માહિતી મુજબ પ્ર.નગર પોલીસના પીઆઇ વી.આર.વસાવાની સુચનાથી પીએસઆઇ જે.બી.રાણીંગા, હેડ કોન્સ. મયુરરાજસિંહ, કોન્સ. તોફીકભાઇ મધરા તથા ચાપરાજભાઇ ખવડ સહિતનો સ્ટાફ પોપટપરાની આસપાસના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, રેલનગર વિસ્તારમાં આવેલ લાલબહાદુર ટાઉનશીપની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટ પાસે જાહેરમાં ત્રણ શખ્સો માદક પદાર્થનું વેચાણ કરતા હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા રૂ.૫૫૪૦૦ની કિંમતનો ૧.૧૦૮ કિલો ગ્રામ ગાંજાના જથ્થા સાથે જયદિપ અરવિંદ સીતાપરા (રહે. સંતોષીનગર), મિલન ધીરેન્દ્ર જોટગીયા (રહે.ભોજરાજપરા, કુંભારવાડો, વોરા કોટડા રોડ ગોંડલ) અને રણજીત છગન ચૌહાણ (રહે. સંતોષીનગર) નામના ત્રણ શખ્સોની ધરપકડ કરી બે મોબાઇલ સહિત કુલ રૂ.૬૨૪૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસનો દોર શરૂ કર્યો છે.

# 'બદલા અભી બાકી હૈ'નું સ્ટેટસ મુક્યા બાદ યુવક ઉપર કાર ચડાવી હત્યાનો પ્રયાસ

### ત્રણ મહિના પહેલાં થયેલા ડખ્ખાનો ખાર રાખી આપ્યો અંજામ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં એઈમ્સ હોસ્પિટલ પાસે એક શખસે ત્રણ મહિના પહેલાં થયેલા ડખ્ખાનો ખાર રાખી યુવક ઉપર કાર ચડાવી હત્યાનો પ્રયાસ કરતા ગુનો નોંધાયો હતો. કાર ચડાવતા પહેલાં આરોપીએ 'બદલા અભી બાકી હૈનું સ્ટેટસ પર સોશ્યલ મીડિયા પર અપલોડ કર્યું હતું! મુથફૂટનો નિવેડો લાવી દેવો છે એટલે તારું રાખી ગુનાને કરવાનું ટાળી બાઈક લઈને ત્યાંથી નીકળી ગયો.

આ અંગે ની માહિતી મુજબ રવિ રાયમલભાઈ જાખેલિયા (ઉ.વ.૨૭)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તે બપોરે ૧૨ વાગ્યે બાઈક લઈને માધાપરવાળા રોડ ઉપર જઈ રહ્યો હતો ત્યારે ડાર્ક ગ્રે કલરની કાર લઈને સંજય રાજુભાઈ -જાખેલિયા (રહે.મનહરપુર-૧) ત્યાં ઉભો હતો. સંજયે રવિને બોલાવીને કહ્યું હતું કે હું તને ઘણા, દિવસથી શોધું જ છું, આજે આપણે અગાઉની નાખવું રવિએ માથાકૂટ હતો. ત્યાંથી એઈમ્સવાળા રોડ પરના સર્કલ પાસે પહોંચતાં ત્યાં ઉભેલા મનસુખ નામના મિત્રને બાઈકમાં બેસાડી માધાપર ચરફ જવા નીકળ્યો પરંતુ સર્કલથી થોડે જ દૂર પહોંચતાં સંજયે પૂરઝડપે ધસી આવી પાછળની બાઈકને ઠોકર મારતા રવિને માથામાં, હાથમાં, પગમાં, મોઢામાં ઈજા પહોંચતાં તેને એઈમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# નકલી પોલીસ બની શખ્સે સરધારના યુવક પાસેથી ૯૫ હજાર પડાવ્યા'તા

### તોડબાજ સામે પાંચમો ગુનો નોંધાયો, અસલી પોલીસે પાઠ ભણાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટમાં નકલી પોલીસ બની લોકોને ધાકધમકી આપી પૈસા પડાવતા રેલનગર પોપટપરાના મિહિર ભાનું ફુગશિયા વિરુદ્ધ વધુ એક ફરિયાદ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.જેમાં સરધાર ગામે રહેતા જીજ્ઞેશભાઈ કીરીટભાઈ વ્યાસ (ઉ.વ.૪૩)એ નકલી પોલીસ મિહિર ફુગશિયા વિરુદ્ધ ૯૫ હજાર પડાવી લીધાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી જીગનેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ફાર્મા કંપનીમાં નોકરી કરે છે. ગઈ તા.૩૦/૧૦ના રોજ મારે અમદાવાદ ખાતે ફાર્મા કંપનીમાં દવાની નોકરી અંગેનો મોખીક ઈન્ટરવ્યુ હોય જેથી હું સરધારથી સરકારી બસમાં સાંજના પાંચેક વાગ્યે હું અમદાવાદ જવા માટે નીકળેલ હતો. અને સાંજના સાડા છ એક વાગ્યે હું રાજકોટ બસ સ્ટેન્ડમાં ઉતરેલ અને ત્યાંથી મારે ટ્રેનમાં અમદાવાદ જવુ હોય જેથી હુંબસ સ્ટેન્ડ બહારથી હું રેલ્વે સ્ટેશન જવા માટે ઓટો રીક્ષામાં બેસી ગયેલ હતો અને મારી પાસે એક થેલો હતો. આ થેલા માં સર્ટીફીકેટ તેમજ રોકડ રૂ ૯૫,૦૦૦/રૂપીયા હતા અને ત્યારે હું રીક્ષામાં બસેલ હતો અને ત્યાર બાદ જયુબેલી ચાર રસ્તા ચોક પાસે પહોચતા એક અજાણ્યો માણસ તેનુ સફેદ મોટર સાઇકલ લઇ ને આવેલ અને હું રીક્ષામાં બેસેલ હતો. તે રીક્ષા આ અજાણ્યા માણસે રોકેલ અને મને કહેલ હું પોલીસમાં છુ.તમે બસ સ્ટેન્ડ પાસે છોકરી સાથે ખોટા કામ કરવા માટે આવેલા જેથી તમારે પોલીસ સ્ટેશન આવવુ પડશે જેથી મે કહેલ મે કાંઈ પણ ખોટા કામ કર્યા નથી. જેથી આ પોલીસવાળા ભાઇ એકદમ ઉશ્કેરાય ગયેલ અને તેમજ મને ગાલ ઉપર ફડાકા મારવા લાગેલ અને મારી પાસે રહેલ થેલો ચેક કરવા લાગેલ અને થેલામાં રહેલ રોકડ રૂ ,/ હતા. તે અજાણ્યા પોલીસવાળા એ મારી પાસેથી મને તેના નંબર પ્લેટ વગર મોટર બળજબરીપુર્વક પડાવી લીધેલ અને બાદ સાઇકલમાં બેસાળીને રેલ્વે સ્ટેશન પાસે લઈ આવેલ અને કહેલ કે હવે પછી અહીં બસ સ્ટેન્ડ ખરાબ કામ કરવા માટે ક્યારેય આવતો નહી. અને મને રેલ્વે સ્ટેશન ઉતારીને આ અજાણ્યો પોલીસવાળા ભાઈ ત્યાં થી તેનુ મોટર સાઇકલ લઈ ને જતા રહેલ હતા. આરોપી મિહિર વધુ છેડતી, નકલી પોલીસ બની પૈસા પડાવવા અને એક વાર પાસામાં પણ જઇ આવ્યો છે આ સાથે આરોપી સામે કુલ ૬થી વધુ ફરિયાદ નોંધાઈ ચુકી છે.

# જંગલેશ્વરમાં હિસ્ટ્રીશીટરોના પાંચ મકાનના વીજ કનેકશન કટ કરાયા

### પેંડાના સાગરીતો અને મુરઘા ગેંગ સહીતના કુખ્યાતો ઉપર પોલીસની કાર્યવાહીઃ રૂખડીયાપરામાં બુટલેગરના મકાન પર બુલડોઝર ફેરવી દેવાયુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ભકિતનગર પોલીસે જંગલેશ્વર અને આશાપુરામાં રહેતા પેડાગેગના સાગરીતોના મકાન પર વીજ કનેકશને કટ કરવામાં આવ્યા હતા તેમજ પ્રનગર પોલીસ દ્વારા રૂખડીયા પરાના બુટલેગરના ગેરકાયદે ખડકી દેવામાં આવેલા મકાન પર બુલડોજર ફેરવી દેવામાં આવ્યુ છે.

આ અંગેની માહિતી મુજબ મંગળા રોડ પર પેંડા ગેંગ અને મુરઘા ગેંગ વચ્ચે અંધાધુંધી ફાયરીંગના બનાવ બાદ પોલીસ એકશનમાં આવી હતી. દરમ્યાન ભકિતનગર પોલીસે ફરાર આરોપી સંજય તેમજ તેની કુખ્યાત માતા રમા અને કોઠારીયા રોડ પર આશાપુરા નગરમાં રહેતા અને ફાયરીંગના ગુનામાં પકડાયેલા ભયલુ સહીત પાંચ શખસોના મકાનો ઉપર વીજ કનેકશન કટ કરવામાં આવ્યા હતા.

ઉપરાંત રૂખડીયા પરામાં રહેતા અને દારૂ, મારામારી,સહીતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો અને પાસા હેઠળ જેલ ભોગવી ચુકેલો નામચીન ડોનીયો ઉર્ફે રાજેશ ચૌહાણનુ ગેરકાયદે ખડકી દેવામાં આવેલા મકાન પર એસીપી તેમજ પ્રનગર પોલીસ ઉપરાંત પીજીવીસીએલ અને મહાનગર પાલીકા દ્રાર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યુ હતુ.

# પીપળીયા હોલ પાસે કારખાના માંથી નીકળેલા યુવક પર ચોરીનું આળ મૂકી બેફામ લમધાર્યો

### ભૂલથી સોનાનો વેસ્ટેજ છોલ ખિસ્સામાં રહી જતાં સીક્યુરીટી પાસે માર ખવડાવ્યો

**મૂખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના પીપળીયા હોલ પાસે આવેલા સોનાના કારખાનામાં કામ કરતો શ્રમિક યુવાન કામ પતાવી કારખાનેથી નીકળતો હતો ત્યારે તેના ખીસ્સામાં ભુલથી સોનાનો સામાન રહી જતાં ચોરીનું આળ મુકી મેનેજરના કહેવાથી બે સિક્યોરિટીએ શ્રમિકને પાઈપ વડે બેફામ માર માર્યો હતો. તેનો મિત્ર વચ્ચે પડતાં તેને પણ માર માર્યો હતો. આ અંગે ભક્તિનગર પોલીસ મથકમાં બે મેનેજર સહિત ચાર વિરૂધ્ધ ફરિયાદ નોંધાતાં પોલીસે ચારેય આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ મુળ બંગાળનો વતની અને હાલ કેવડાવાડીમાં રહેતો અને પીપળીયા હોલ પાસે આવેલા આર.કે.સિલ્વર નામના કારખાનામાં કામ કરતો સુલતાન અબ્બાસભાઈ મલીક (ઉં.૩૮)એ ભક્તિનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કારખાનાના મેનેજર સંદીપભાઈ, કલ્પેશભાઈ, સિકયોરિટી વિરલભાઈ ભાલુ અને ભરતસિંહ ઝાલાના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તે છેલ્લા દોઢ વર્ષથી આ કારખાનામાં મજુરી કામ કરે છે. ગત તા.૪ના સાંજે ફરિયાદી કામ પુરૂ કરી કારખાનેથી જતો હતો ત્યારે કારખાનાના સિકયોરિટી વિરલભાઈ ભાલુએ તેને તપાસતા તેના ખીસ્સામાંથી કારખાનાની સોનાની વસ્તુ મળી આવતાં સિકયોરિટીએ વસ્તુ કેમ લઈ જાશ તેમ પુછતાં તેણે જણાવેલ કે ભૂલથી રહી ગઈ હશે. બાદમાં સિકયોરિટી ફરિયાદીને લઈ કારખાનાની ઓફિસમાં મેનેજર સંદીપભાઈ અને કલ્પેશભાઈ પાસે લઈ ગયો હતો અને બનાવ અંગે વાત કરી હતી. ત્યારબાદ બન્ને મેનેજરે સિકયોરિટીને સાચુ ના બોલે ત્યાં સુધી મારવાનું કહેતા વિરલભાઈએ પ્લાસ્ટીકના પાઈપ વડે બેફામ માર મારવા લાગ્યા હતાં. દરમિયાન તેનો મિત્ર રાજુસિંગ ચંદ્રપાલસિંગ આવી જતાં મેનેજરે તેના ખિસ્સામાંથી

નીકળેલો સામાન તે રાજુને વેચે છે તેવી શંકા કરી રાજુને પણ મારવાનું કહેતા સિક્યોરિટી વિરલભાઈએ રાજુને પાઈપ વડે મારવા લાગ્યો હતો. બાદમાં નાઈટ સિક્યોરિટી તરીકે નોકરી કરતાં ભરતસિંહ ઝાલા આવતાં બન્ને મેનેજરે ભરતસિંહને ફરિયાદી અને રાજુને મારવાનું કહેતા ભરતસિંહએ પણ ફરિયાદી અને તેના મિત્રને પ્લાસ્ટીકના પાઈપ વડે માર માર્યો હતો. ફરિયાદીએ આ વસ્તુ ચોરી નહીં કરી હોવાનું અને ભૂલથી ખીસ્સામાં રહી ગઈ હોવાનું કહેવા છતાં મેનેજરે સિકયોરિટી પાસે માર મારવ્યો હતો. બાદમાં બન્નેએ હાથ પગ જોડી નહું ચોરી કરીને નહીં પરંતુ ભૂલથી ખીસ્સામાં રહી ગયેલ હોવાનું કહીથ આજી જી કરતાં તેમને જવા દૈવામાં આવ્યા હતાં. આ અંગે ફરિયાદીએ ભક્તિનગર પોલીસ મથકમાં બન્ને મેનેજર અને બન્ને સિકયોરિટી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ચારેય વિરૂધ્ધ ગુનો નોંધી ચારેય આરોપીની ધરપકડ કરી એએસઆઈ એચ.કે. માવદીયાએ વધુ તપાસ હાથ ધરી છે.

# શહેર પોલીસની દેશી દારૂના ધંધાર્થી પર ધોંસઃ ૫૦ સ્થળે દરોડા

### ૧૨ બુટલેગરની ધરપકડ, ૧ લાખનો મુદ્દામાલ કબજે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર વિસ્તારમાં દારૂ પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવાને હેતથી રાજકોટ પોલીસની ૫૪ જેટલી ટીમો વહેલી સવારે શહેરભરના દેશી દારૂના અડ્ડાઓ ઉપર ત્રાટકી હતી અને કુલ ૧૩જેટલા બુટલેગરો સામે કાર્યવાહી કરી ગુના નોંધી ૧ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. રાજકોટ શહેર વિસ્તારમાં વધતી જતી ગુનાખોરી કાબુમાં લેવા અને ગેર કાયદેસરક પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની સુચનાથી વહેલી સવારે મેગા ડ્રાઇવ યોજી દેશી દારૂના અડ્ડાઓ ઉપર પોલીસની અલગ અગલ ટીમોએ દરોડા પડયા હતા.

પ્રોહીબીશનની આ મેગા ડ્રાઇવમાં ક્રાઈમ બ્રાંચની ૨૫ તથા એસ.ઓ.જીની ૫, પેરોલ ફલોં સ્કોડની ૧૧, ઈ.ઓ.ડબલ્યુની ૮ અને એમ.ઓ.બી ૩ મળી કુલ ૫૪ જેટલી અલગ-અલગ ટીમોએ શહેરના કુબલીયાપરા, જંગલેશ્વર, લાતીપ્લોટ, કિટીપરા, એરપોર્ટ પોલીસ મથક વિસ્તાર,કુવાડવા સહિતના વિસ્તારમાં દેશીદારૂના અડ્ડાઓ તેમજ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ બુટલેગરના રહેણાંક મકાન ઉપર દરોડા પડયા હતા. જેમાં પ્રોહીબીશનના કુલ ૧૩ કેશો શોધી કાઢી અને મહિલાઓ સહીત ૧૩ બુટલેગરોની ધરપકડ જેમાં દેશી દારૂ લીટર-૨૦૦ લીટર જેટલો દેશીદારૂ અને ૧૫૦ લીટર આથો ભઠ્ઠીના સાધનો મળી ૧ લાખનો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. તેમજ દરોડામાં ૧૬ નીલ રેઇડ થઇ હતી. શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઈમ ગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ બી.બી.બસીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચના પી.આઈ એમ.આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ.જાદવ સાથે એસઓજીના પી.આઈ એસ. એમ. જાડેજા, ઈ.ઓ. ડબલ્યુના પી.આઈ કે.જે. કરપડા પીસીબીના પી.આઈ એમ.જે. હુણ સહીતના સ્ટાફે પ્રોહીબીશન પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા અને અસકારક કામગીરી કરી હતી.